નો ફેવર, નો ફિઅર...

# સામના મિરર

RNI title code no. GUJGUJ18053 RNI Reg. No. GUJGUJ/2023/85765 Daily Morning Newspaper

માલિક/એડિટર : રાજેશ ઉદયકુમાર બગડાઈ | Date :24 APRIL 2024 | TUESDAY | Page : 17 | Year : 2 | Issue : 21 | Price: 2/-





મહાપુજા ધામ ચોક પાસે આવારા તત્વોનો આતંકઃ કારને આંતરી તોડફોડ કરી

જુઓ પેજ નં.૦૬

# પ્રતિકૂળ હવામાનને કારણે મોંઘવારી વધશે

## ભારતમાં જીડીપી વૃદ્ધિ માટે સાનુકૂળ પરિસ્થિતિ, અનેક પડકારો વચ્ચે ભારતનો જીડીપી સાત ટકાથી વધી શકે : આરબીઆઇનો એપ્રિલ મહિનાનો બુલેટિન જારીઃ વૈશ્વિક સ્તરે લાંબા સમયથી ચાલી રહેલી તંગદિલીથી ક્રૂડના ભાવમાં અસ્થિરતા ચાલુ રહી શકે છે




મુંબઇ : પ્રતિકૂળ હવામાનને કારણે મોંઘવારી વધી શકે છે અને વૈશ્વિક સ્તરે લાંબા સમયથી ચાલી રહેલી તંગદિલીને કારણે ક્રૂડ ઓઇલના ભાવમાં અસ્થિરતા જળવાઇ રહી શકે છે તેમ આરબીઆઇએ પોતાના એપ્રિલ મહિનાના બુલેટિનમાં જણાવ્યું છે.બીજીબાજુ દેશના જીડીપી વિકાસ દરનો ગ્રાફ કોવિડ-૧૯ના અગાઉના સમયની જેમ સાત ટકાથી ઉપર જવાના પ્રારંભિક સંકેત મળી રહ્યાં હોવાનો પણ રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયાના અહેવાલમાં ઉલ્લેખ છે.

કન્ઝ્યુમર પ્રાઇસ ઇન્ડેક્સ (સીપીઆઇ) આધારિત રિટેલ ફુગાવો માર્ચમાં ઘટીને ૪.૯ ટકા રહ્યો છે. આ અગાઉના બે મહિનામાં સરેરાશ રીટેલ ફુગાવો ૫.૧ ટકા રહ્યો હતો.

રિઝર્વ બેંકે પોતાની દ્વિમાસિક નાણાકીય નીતિની સમીક્ષા કરતી વખતે મુખ્યત્વે રીટેલ ફુગાવાને ધ્યાનમાં લે છે. આરબીઆઇએ ઉંચા ફુગાવાને પગલે ફેબ્રુઆરી, ૨૦૨૩થી પ્રમુખ વ્યાજ દર ૬.૫ ટકા પર સ્થિર રાખ્યા છે.

બુલેટિનમાં પ્રકાશિત સ્ટેટ ઓફ ઇકોનોમી નામના આર્ટિકલમાં જણાવવામાં આવ્યું છે કે ૨૦૨૪ના પ્રથમ કવાર્ટરમાં વૈશ્વિક વૃદ્ધિની ગતિ યથાવત રહી છે અને વૈશ્વિક વેપાર પરિદ્રશ્ય સકારાત્મક લાગી રહ્યું છે.

મોટા અર્થતંત્રોમાં ટ્રેઝરી યિલ્ડ અને મોર્ટેજના દરો વધી રહ્યાં છે. વ્યાજ દરમાં ઘટાડાની સંભાવનાઓ નબળી પડી રહી છે. ભારતમાં મજબૂત રોકાણ માંગ અને ઉત્સાહિત વેપાર અને ગ્રાહક ધારણાઓને આધારે ભારતમાં વાસ્તવિક જીડીપીના વૃદ્ધિ દરમાં તેજી માટે પરિસ્થિતિ અનુકુળ છે.

કેન્દ્રીય બેંકના આજે જારી થયેલા માસિક બુલેટિનમાં જણાવવામાં આવ્યું છે કે વૈશ્વિક વેપાર સકારાત્મક દ્રષ્ટિકોણથી ભારતની નિકાસને વેગ મળવા અને વિકાસમાં તેજી આવવાની આશા છે.

આઇએમએફને આશા છે કે ભારત વૈશ્વિક વિકાસમાં ૧૬ ટકાનો ફાળો આપશે. જે બજાર વિનિમય દરોના આધારે વિશ્વમાં બીજો સૌથી મોટો ફાળો છે. હાલમાં ભારત વિશ્વનું પાંચમું સૌથી મોટું અર્થતંત્ર છે અને આગામી દસ વર્ષમાં તે જાપાન અને જર્મનીથી આગળ નીકળી શકે છે.

વૈશ્વિક હવામાન એજન્સીઓએ જણાવ્યું છે કે ૧૮૫૦માં તાપમાન નોંધવાનું શરૂ કરવામાં આવ્યું ત્યારથી લઈને અત્યાર સુધી ૨૦૨૪નો માર્ચ મહિનો સૌથી ગરમ રહ્યો છે.

બુલેટિનમાં જણાવવામાં આવ્યું છે કે આગામી ૩૦ વર્ષ માટે નક્કી કરવામાં લક્ષ્યાંકોને પૂર્ણ કરવા માટે ભારતીય અર્થતંત્રને આગામી દસ વર્ષ સુધી ૮ થી ૧૦ ટકાના દરે વિકાસ કરવો પડશે.

# રેકોર્ડબ્રેક તેજીનું ચકકર ઉંધુ ચાલવા લાગ્યુ

## સોનામાં વધુ રૂા.૧૩૫૦ નો કડાકોઃ બે દિવસમાં ૨૧૦૦ તૂટયાઃચાંદીમાં ૪૦૦૦ ઘટયા

સોના-ચાંદીમાં રેકોર્ડબ્રેક તેજી બાદ ગાડી ઉંધી દોડવા લાગી હોય તેમ આજે સતત બીજા દિસવસે ભાવમાં ગાબડા પડવા લાગ્યા હતા.બે જ દિવસમાં સોનુ ૨૦૦૦ તથા ચાંદીમાં ૪૦૦૦ થી વધુનો કડાકો સર્જાયો છે.રાજકોટમાં આજે ૧૦ ગ્રામ સોનું હાજરમાં ૭૩૯૫૦ હતુ. ગઈકાલની સરખામણીએ ૧૩૫૦ રૂપિયાનું ગાબડુ હતું બે દિવસમાં ૨૦૦૦ કરતા વધુનો કડાકો છે. ગત સપ્તાહમાં ૭૬૧૦૦ નો ભાવ થયો હતો. વિશ્વબજારમાં પણ સોનું તૂટયુ હતુ અને ભાવ ૨૬૮૬ ડોલર હતો. કોમોડીટી એકસચેંજમાં ૭૦૫૦૦ નો ભાવ હતો.ચાંદીનાં ભાવમાં પણ સમાન સ્થિતિ હતી.એક કિલો ચાંદીનો ભાવ ૮૨૨૦૦




સાંપડયો હતો. તેમાં વધુ રૂા.૨૧૦૦ નુ ગાબડુ હતું. ગઈકાલે પણ ૨૦૦૦ કરતા અધિકનો કડાકો હતો.બે જ દિવસમાં ૪૦૦૦ કરતા વધુ નીકળી ગયા છે. વિશ્વ બજારમાં ૨૩.૦૮ ડોલર તથા કોમોડીટી એકસચેંજમાં ૭૯૬૦૦ નો ભાવ હતો. ઝવેરીઓનાં કહેવા પ્રમાણે પ્રચંડ તેજી-મંદી પાછળ આંતર રાષ્ટ્રીય માર્કેટની ઉથલપાથલ જવાબદાર છે.ઈરાન-ઈઝરાયેલ વચ્ચેનો તનાવ શાંત થઈ જતા અને હવે એકબીજા નવા હુમલા કરવાનાં મૂડમાં ન હોવાના સંજોગોથી ભાવમાં મંદી થઈ હતી. જોકે આવતા દિવસોમાં ફરી કોઈ નવુ ટેન્શન સર્જાવાનાં સંજોગોમાં ઉછાળો આવવાની બાકી ભાવો ટુંકા ગાળામાં અસાધારણ ગતિએ ઉંચકાયા હતા.એટલે મોટુ કરેકશન અપેક્ષીત હતું. હવે માર્કેટ સ્થિર થાય છે કે કેમ તેના પર મીટ છે. માર્કેટમાં ઘરાકી હજુ સાવ ઠંડી જ છે.ભાવો સ્થિર થાય પછી જ સળવળાટ શકય છે.



તંત્રી લેખ
-રાજેશ યુ. બગડાઈ

# માથાદીઠ મનોરંજન



ભારતના લોકો મનોરંજન પાછળ વધુ કે ઓછો ખર્ચ કરે છે? આનો ટૂંકો જવાબ એ છે કે શહેરી વિસ્તારોની સરખામણીમાં દેશના ગ્રામીણ વિસ્તારોમાં મનોરંજન પરનો ખર્ચ થોડો વધ્યો છે, જ્યારે શહેરોમાં તે ઓછો થયો છે. આ માહિતી વર્ષ ૨૦૨૨-૨૩ માટે રાષ્ટ્રીય આંકડાકીય કાર્યક્રમ અમલીકરણ મંત્રાલય દ્વારા બહાર પાડવામાં આવેલા ઘરગથ્થુ વપરાશ ખર્ચ સર્વેમાંથી પ્રાપ્ત થઈ છે. આ સર્વેમાં ખાદ્ય અને બિન-ખાદ્ય બંને વસ્તુઓ પર થતા ખર્ચને પણ ટ્રેક કરવામાં આવ્યો છે. દેશના ગ્રામીણ વિસ્તારોમાં મનોરંજન પર માથાદીઠ માસિક ખર્ચ સતત વધી રહ્યો છે અને તે ઈ. સ. ૧૯૯૯-૨૦૦૦માં ૦.૪૨ ટકાથી વધીને વર્ષ ૨૦૧૧-૧૨માં ૦.૯૯ ટકા થયો છે. ત્યારપછીના દાયકામાં, વર્ષ ૨૦૨૨-૨૩માં તે વધીને ૧.૦૯ ટકા થયો. આ વર્ષોમાં લગભગ ૧૦ ટકાનો વધારો છે.

શહેરી વિસ્તારોમાં માથાદીઠ મનોરંજનનું પ્રમાણ ૧૯૯૯-૨૦૦૦માં ૧.૧૬ ટકાથી વધીને ૨૦૧૧-૧૨માં ૧.૬૧ ટકા થયું. ત્યારથી ૨૦૨૨-૨૩માં તે ઘટીને ૧.૫૮ ટકા થઈ ગયો છે. સર્વેમાં જણાવાયું છે કે દેશના ગ્રામીણ વિસ્તારોમાં મનોરંજન સહિત વિવિધ વસ્તુઓ પર માસિક સરેરાશ ૨૩૪ રૂપિયા ખર્ચવામાં આવે છે, જ્યારે દેશના શહેરી વિસ્તારોમાં આ વસ્તુ પર માસિક ૪૨૪ રૂપિયા ખર્ચવામાં આવે છે. વાસ્તવમાં, નેશનલ સેમ્પલ સર્વે આફિસે ૨, ૬૧,૭૪૬ ઘરનો સર્વે હાથ ધર્યો હતો. મોટાભાગના મનોરંજન વ્યવસાયો જેમ કે ફિલ્મ, ટેલિવિઝન અથવા સ્ટ્રીમિંગ પાસે પૈસા કમાવાના બે રસ્તા છે. જાહેરાતકર્તાઓને દર્શકોનો સમય વેચીને અથવા સીધા દર્શકો પાસેથી ફી અથવા સબ્સ્ક્રિપ્શન ફી વસૂલ કરીને કમાઈ શકાય છે.

સર્વેક્ષણ ડેટામાં સ્પષ્ટપણે જાહેરાત-સમર્થિત ફ્રી-ટુ-એર અથવા ફ્રી-ટુ-વ્યૂ મનોરંજન વપરાશનો સમાવેશ થતો નથી. ગયા વર્ષે ભારતીય મીડિયા અને મનોરંજન બિઝનેસની રૂ. ૨.૩ લાખ કરોડની આવકમાં જાહેરાતની આવકનો હિસ્સો ૪૯ ટકા હતો. આ સર્વે માત્ર પેઇડ માહિતી અને સંભવતઃ ટેલિવિઝન, મૂવીઝ અને સ્ટ્રીમિંગ સુધી મર્યાદિત છે. ટેલિવિઝન એ ભારતમાં સૌથી મોટું માધ્યમ છે. તે લગભગ ૯૦ કરોડ લોકોની પહોંચ ધરાવે છે અને ૨૦૨૩માં (જાહેરાત અને ફી સહિત) આશરે રૂ. ૬૯,૬૦૦ કરોડની કમાણી થવાની ધારણા છે. જેના ખરા આંકડાઓ હજુ તૈયાર થયા નથી. આ દાયકામાં (અને પાછલા દાયકામાં પણ) ટેલિકોમ રેગ્યુલેટરી ઓથોરિટી ઓફ ઈન્ડિયાએ ટીવી પર કડક ભાવ નિયંત્રણો લાધા છે. આ નિયંત્રણનો અર્થ એ છે કે સામાન્ય ફુગાવો પણ કેબલ અથવા ડાયરેક્ટ ટુ હોમ કિંમતોને અસર કરી શકતો નથી.

છેલ્લા ત્રણ વર્ષમાં, ફ્રી ટીવી પરિવારોની સંખ્યા અંદાજિત ૧૬૫ મિલિયનથી ઘટીને ૯૦ મિલિયન થઈ છે. ટીવી ઉદ્યોગને અસર કરતા ભાવ નિયમનથી દેશનો ગ્રામીણ વિસ્તાર કેમ પ્રભાવિત ન થયો? આનું કારણ એ છે કે ગ્રામીણ ભારતના મોટાભાગના ભાગોમાં, ખાસ કરીને ઉત્તર પ્રદેશની વસ્તીમાં પે ટેલિવિઝન (કેબલ અથવા ડીટીએચ દ્વારા)નો પ્રવેશ ખૂબ ઓછો છે. કેરળ, આંધ્રપ્રદેશ અને તમિલનાડુમાં ગ્રામીણ અને શહેરી બંને વિસ્તારોમાં સૌથી વધુ કેબલનો પ્રવેશ છે. ૧૯૯૯-૨૦૦૦ અને ત્યારપછીના વર્ષોના ડેટામાં આનો સમાવેશ કરવામાં આવ્યો છે. શું પહોંચ અને વપરાશમાં વધારો થયો છે તે મફત વિડિઓ છે. તેને ઓફર કરતા બે સૌથી મોટા પ્લેટફોર્મ ડીડી ફ્રીડિશ અને યુટ્યુબ છે જેમાં અસાધારણ વૃદ્ધિ જોવા મળી છે. છેલ્લા એક દાયકામાં, સરકારની મફત ડીટીએચ સેવા, ડીડી ફ્રીડિશ, ટેલિવિઝન ક્ષેત્રની સૌથી મોટી શક્તિ તરીકે ઉભરી આવી છે. તે હવે હિન્દીભાષી રાજ્યોમાં અંદાજિત ૫ કરોડ પરિવારો (૨૪ કરોડ લોકો) સુધી પહોંચી રહ્યું છે.

# જુનાગઢમાં પક્ષીઓ માટે પાણી અને ચણ માટેનાં કુંડાનું વિનામુલ્યે વિતરણ



ઉદય પંડ્યા દ્વારા

માનવ સેવા એજ પ્રભુ સેવાનાં સુત્રને સાર્થક કરતી સંસ્થા શ્રી જુનાગઢ ખોડીયાર ગૃપ યુવક મંડળ ટ્રસ્ટ - જુનાગઢ દ્વારા આયોજીત બીજી વખત તા.૨૧૦૪૨૦૨૪ ને રવિવારનાં રોજ આઝાદ ચોક - જુનાગઢ ખાતે અબોલ પક્ષીઓ માટે પાણી અને ચણ માટેનાં કુંડાનું વિનામુલ્યે વિતરણ કરવામાં આવેલ હતું.આ કુંડા વિતરણમાં તમામ નાગરીકોએ બહોળી સંખ્યામાં લાભ લીધો હતો.

આ સેવાકીય કાર્યમાં જુનાગઢનાં નામાંકીત સામાજીક આગેવાનોમાં ચંદુભાઈ લોઢીયા,કિશોરભાઈ ચોટલીયા, અરવિંદભાઈ મારડીયા,હર્ષભાઈ ઠાકર,હરસુખભાઈ પાલા, રમણીકભાઈ ચલ્લા,જયશ્રીબેન ગાલોરીયા, તરૂબેન ગઢીયા,કુમુદબેન ઠાકર,રમીલાબેન ઘુચલા,રોહિણીબેન આચાર્ય,દમયંતીબેન વૈદ્ય, દેવીબેન દવે,રેખાબેન સ્વાદીયા,ઈન્દુબેન ખાણદર,જયાબેન પરમાર,ભાવનાબેન કે.વૈષ્નવ,કિરણબેન ઉનડકટ,નોમાબેન ઠાકર, નીલાબેન ભટ્ટ,રોશનીબેન ઘુચલા વગેરે ખાસ સહભાગી થયાં હતાં.આ સેવાકીય કાર્યમાં તમામ ઉપસ્થિત મહેમાનોએ સંસ્થા ની કામગીરી બિરદાવી હતી.

આ સેવાકીય કાર્યને સફળ બનાવવાં સંસ્થાનાં પ્રમુખ નરેન્દ્રભાઈ ઘુચલાએ ભારે જહેમત ઉઠાવી હતી.

# મારામારીના કેસમાં ૨ વર્ષની સજા આપતી રાજુલા કોર્ટ

રીપોર્ટરઃ-ધર્મેશ મહેતા રાજુલા

રાજુલા કોર્ટ દ્વારા મારામારીના કેસમાં ૨ વર્ષની સજા આપી છે. આ અંગે વિગત એવી છે કે, સને- ૨૦૧૩માં ભુપતભાઈ મંગળભાઈ હડીયા રહે. માંડણ તા. રાજુલા જી. અમરેલી પોતાના ખેતરમાં આટો મારવા ગયેલા ત્યારે આ કામના આરોપી હાથીભાઈ આલાભાઈ અરડું રહે. નાના મછુન્દ્રા તફા. રાજુલા તેના ખેતરમાં માલ ઢોર ચરાવતા હોય અને જેનાથી પાકને નુકશાન થતુ હોય જેથી તેમને માલઢોર ચરાવવાની ના પાડતા તેને સારૂ નહી લાગતા ગાળો આપીને કુહાડી વડે ભુપતભાઈ મંગળભાઈ હડીયાને માર મારેલો જે અંગેની ફરીયાદ બાદ પોલીસે નામ. કોર્ટમાં ચાર્જશીટ કરેલ. અને કેસ ચાલુ ફરીયાદી તેમજ નજરે જોનાર સાહેદો અને પંચોની જુબાની તેમજ ડોક્ટર અને તપાસ કરનાર અધીકારીના જુબાની તથા વિવીધ દસ્તાવેજી પુરાવાઓનું મુલ્યાંકન કરીને આરોપીઓ વિરૂધ્ધ પુરતો પુરાવો હોય રાજુલાના એડી.ચીફ. મેજી. સરકારી વકીલથી દિવ્યેશ બી. ગાંધીની દલીલો તેમજ પુરાવાઓનું મુલ્યાંકનના આધારે તારણ કાઢેલ કે માલઢોર ચરાવવા જેવી સામાન્ય બાબતે ગંભીર હુમલો કરેલ હોય અને જો આવા વ્યક્તિઓને છોડવામાં



આવે તો સમાજમાં ખોટો સંદેશો જાય તેમ હોય જેથી આરોપીએ ફરીયાદી ભુપતભાઈ હડીયાને ગંભીર રીતે માર મારેલ હોય આરોપી હાથીભાઈ આલાભાઈ અરડુને આઈ.પી.સી. કલમ-૩૨૪ માં બે વર્ષની સાદી કેદ તથા રૂ. ૫,૦૦૦ અંકે રૂપિયા પાંચ હજાર દંડ તથા આઈ.પી.સી. કલમ-૩૨૩માં એક વર્ષની સાદી કેદ અથવા રૂ. ૧,૦૦૦ અંકે રૂપિયા એક હજાર પુરા દંડ એમ કુલ ૨ વર્ષની સજા અને રૂ. ૬,૦૦૦ દંડ કર્યો છે. ઉપરોકત કામે સરકાર પક્ષે સરકારી વકીલ દિવ્યેશ બી. ગાંધી રોકાયેલ હતાં

# ૭૦ ટકા મતદાનનો લક્ષ્યાંક પૂર્ણ કરવા રાજકોટ જિલ્લા વહીવટી તંત્ર સામે પડકારો, મતદાન જાગૃતિના કાર્યક્રમો પર જોર

- **૨૩.૫૦ લાખ મતદારોને ડોર ટુ ડોર મતદાર સ્લીપનું વિતરણ શરૂ : તા. ૨ સુધીમાં કામગીરી પૂર્ણ કરવા આદેશ**
- **૨૨૨૫ બી.એલ.ઓ.ને કામે લગાડાયા : સૌપ્રથમવાર ગુગલ મેપ કોડવાળી મતદારોને સ્લીપ : ૧૧ ઓક્ઝીલીયરી મતદાન મથકો તૈયાર કરાયા**




રાજકોટ, તા. ૨૩: રાજકોટ લોકસભા બેઠકનું ચૂંટણી ચિત્ર ગઇકાલે સ્પષ્ટ થયા બાદ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આજથી ૨૩.૫૦ લાખ મતદારોને ડોર ટુ ડોર મતદાર સ્લીપનું વિતરણ શરૂ કરી દેવામાં આવેલ છે. આ મતદાર સ્લીપના વિતરણની કામગીરી તા. ૨ સુધીમાં પૂર્ણ કરી દેવા માટે જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર પ્રભવ જોશી દ્વારા આદેશ આપવામાં આવેલ છે.

મતદારોને આ વખતે સૌપ્રથમવાર ગુગલ મેપ-ક્યુઆર કોડવાળી મતદાર સ્લીપ આપવામાં આવી રહી છે. જેના થકી મતદારોને તેમના વિસ્તારોના મતદાન બુથ શોધવામાં આસાની થશે. મતદારો સહેલાઈથી મતદાન કરવા માટે મતદાન બુથ પર પહોંચી શકશે. રાજકોટ લોકસભા બેઠકની આ ચૂંટણી માટે ૨૨૨૫ મતદાન મથકો તૈયાર કરાયા છે. તેની સાથોસાથ ૧૧ ઓક્ઝીલીયરી (હંગામી) મતદાન મથકો તૈયાર કરાયા છે.

મતદારોને મતદાર સ્લીપ ૨૨૨૫ બીએલઓને કામે લગાડી દેવામાં આવેલ છે. અહીં એ ઉલ્લેખનીય છે કે રાજકોટ લોકસભા બેઠકની ચૂંટણીમાં આ વખતે મહિલા સંચાલિત મતદાન મથક ૫૬ (દરેક વિધાનસભામાં ૭), પીડબલ્યુડી સંચાલિત મતદાન મથક ૮, યુવા સંચાલિત મતદાન મથક ૧ (૭૦-રાજકોટ દક્ષિણ) તેમજ મોડલ પોલીસ સ્ટેશન ૮ તૈયાર કરાયા છે તેમજ ૧૧૧૮ મતદાન મથકો પર વેબકાસ્ટીંગ કરવામાં આવનાર છે.

રાજકોટ લોકસભા બેઠકની ચૂંટણીમાં આ વખતે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ૭૦ ટકા મતદાનનો લક્ષ્યાંક રાખવામાં આવેલ છે. પરંતુ આગામી મે માસમાં ગરમીના પ્રકોપના કારણે મતદાનની ટકાવારી ઘટે તેવી શકયતા નકારી શકાતી નથી. જોકે વહીવટી તંત્ર દ્વારા ગત વિધાનસભાની ચૂંટણીમાં જયાં ઓછું મતદાન થવા પામેલ હતું. તેવા વિસ્તારોની ખાસ યાદી તૈયાર કરવામાં આવી છે અને આવા વિસ્તારોમાં મતદાનની ટકાવારી વધે તે માટે વિશેષ જોર આપવામાં આવી રહ્યું છે.

જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર પ્રભવ જોશી તેમજ અધિક કલેકટર મુછારના માર્ગદર્શન હેઠળ રાજકોટ લોકસભા બેઠક વિસ્તારમાં મતદાર જાગૃતિના કાર્યક્રમોને વેગ આપવામાં આવી રહ્યો છે. તેની સાથોસાથ આચારસંહિતાના ચુસ્ત અમલીકરણ માટે પણ પગલા લેવામાં આવી રહ્યા છે.

# ગુજરાત માટે કોંગ્રેસના ૪૦ સ્ટાર પ્રચારકોઃ સોનિયા-પ્રિયંકા-રાહુલ ગાંધી, ખડગે સામેલ

- **સ્થાનિક નેતાઓમાં શક્તિસિંહ, ઈન્દ્રનીલ, લલિત કગથરા, પરેશ ધાનાણી વગેરેના નામો**

રાજકોટ, તા.૨૩ઃ ગુજરાતમાં લોકસભાની ચૂંટણીના પ્રવાહના આડે માંડ એક પખવાડીયુ પણ બાકી નથી ત્યારે પ્રચાર માટે કોંગ્રેસે ૪૦ સ્ટાર પ્રચારકોની યાદી જાહેર કરી છે તેમાં શક્તિસિંહ ગોહિલ, લલીત કગથરા, ઈન્દ્રનીલ રાજયગુરૂ સહિતના ડઝન જેટલા લોકલ નેતાઓને પણ સ્થાન આપવામાં આવ્યુ છે.

કોંગ્રેસ દ્વારા ગુજરાત માટેના સ્ટાર પ્રચારકોની યાદી ચૂંટણી પંચને સોંપવામાં આવી છે. આ લીસ્ટમાં પક્ષના રાષ્ટ્રીય પ્રમુખ મલિકાર્જુન ખડગે, સોનિયા ગાંધી, રાહુલ ગાંધી, કે.સી.વેણુગોપાલ, મુકુલ વાશ્નીક, પ્રિયંકા ગાંધી, અશોક ગેહલોટ, રણદીપ સુરજેવાલા, સચીન પાઈલોટ, રામકિશન ઓઝા, ઉષા નાયડુનો સમાવેશ થાય છે.

ગુજરાતના સ્થાનિક નેતાઓમાં શક્તિસિંહ ગોહિલ, અમીત ચાવડા, જગદીશ ઠાકોર, ભરતસિંહ સોલંકી, સિદ્ધાર્થ પટેલ, દીપક બાબરીયા, મધુસુદન મિસ્ત્રી, અમી યાજ્ઞિક,



શૈલેષ પરમાર, લલિત કગથરા, ઈન્દ્રવિજયસિંહ ગોહિલ, જીજ્ઞેશ મેવાણી, કાદિર પીરઝાદા, ગૌરવ પંડયા, પરેશ ધાનાણી, સુખરામ રાઠવા, મુમતાઝ પટેલ, લાલજી દેસાઈ, બી.વી.શ્રીનિવાસ, અલ્કા લાંબા, ઈમરાન પ્રતાપગ્રહી, વિમલ ચુડાસમા, દિનેશ ઠાકોર, ચંદ્રીકા ચુડાસમા, પુંજા વંશ, ગ્યાસુદીન શેખ, ઈન્દ્રનીલ રાજયગુરૂ, રઘુભાઈ દેસાઈ તથા નિશિત વ્યાસના નામો છે.

કોંગ્રેસના સૂત્રોએ કહ્યું કે ચુંટણી પ્રચારમાં ગાંધી પરિવાર, ખડગે સહિતના રાષ્ટ્રીય નેતાઓ ગુજરાત આવશે. કાર્યક્રમ ફાઈનલ કરી દેવામાં આવ્યો છે અને તુર્તમાં જાહેર કરાશે.

## ઉમેદવારોની ઉપસ્થિતિમાં ૩૬૦૨ બીયુ,૨૯૭૬ સીયુ અને ૩૪૮૯ વીવીપેટને બુથ ફાળવાયા

રાજકોટ, તા. ૨૩ઃ રાજકોટ લોકસભા બેઠકની ચૂંટણી માટે આજે કલેકટર અને જિલ્લા ચૂંટણી અધિકારી પ્રભવ જોશી તેમજ અધિક કલેકટર (ચૂંટણી) મુંછાર દ્વારા ઈવીએમનું સેકન્ડ રેન્ડમાઈઝેશન ઉમેદવારોની ઉપસ્થિતિમાં આજે બપોરના જિલ્લા કલેકટર કચેરી ખાતે કરવામાં આવેલ હતું. જેમાં ૩૬૦૨ બીયુ ૨૯૭૬ સીયુ અને ૩૪૮૯ વીવીપેટને બુથ ફાળવી દેવામાં આવેલ હતા. અહીં એ ઉલ્લેખનીય છે કે અગાઉ ઈવીએમના પ્રથમ રેન્ડમાઈઝેશનના વોટીંગ મશીનોને વિધાનસભા વિસ્તાર ફાળવવામાં આવેલ હતા.

જે બાદ આજે બીજુ રેન્ડમાઈઝેશન હાથ ધરી ઈવીએમ, બીયુ અને વીવીપેટને મતદાન બુથોની ફાળવણી કરી દેવામાં આવી હતી.અહીં એ પણ ઉલ્લેખનીય છે કે ચૂંટણીની કામગીરી માટે ચૂંટણી સ્ટાફના પણ પ્રથમ અને દ્વિતીય રેન્ડમાઈઝેશનની પ્રથમ અને દ્વિતીય રેન્ડમાઈઝેશનની કામગીરી પૂર્ણ કરી દેવામાં આવી છે. રાજકોટ લોકસભાની ચૂંટણીના મતદાન મથકો પર ઈવીએમ મશીનોની સાથે થોકબંધ મતદાન સામગ્રી પણ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા પહોંચાડવામાં આવનાર છે. આ તમામ સામગ્રી રાજકોટ ખાતે આવી પહોંચી છે.

# બી.એ. ડાંગર કોલેજમાં હોમિયોપેથી આયોગ ત્રાટક્યું, ૮૦% સ્ટાફ નકલી!

## ૪ મહિનામાં ચેકિંગ ટીમે ત્રીજીવાર કોલેજ-હોસ્પિટલના રજિસ્ટર-બેંક ખાતા સહિતના દસ્તાવેજો ચેક કર્યા

(સામના મિરર, સંવાદદાતા)
રાજકોટ, તા.૨૩:
શહેરના જામનગર રોડ પર આવેલી બી.એ. ડાંગર હોમિયોપેથી મેડિકલ કોલેજમાં નેશનલ કમિશન ફોર હોમિયોપેથીની ટીમે સરપ્રાઈઝ ઈન્સ્પેક્શન કરતાં કોલેજના ટ્રસ્ટીઓ અને સ્ટાફમાં દોડધામ મચી છે. બીએચએમએસ અને નર્સિંગ કોર્સ ચલાવતી આ કોલેજમાં મોટાભાગનો વહીવટ ગેરકાયદે અને નિયમ વિરૂદ્ધ કરવામાં આવતો હોવાની ફરિયાદને પગલે હોમિયોપેથી આયોગની ટીમ છેલ્લા ચાર મહિનામાં ત્રીજી વખત ઈન્સ્પેક્શન માટે ત્રાટકી છે. ઈન્સ્પેક્શન દરમિયાન આ કોલેજ અને તેમાં ચાલતી હોસ્પિટલનો ૮૦%થી વધુ સ્ટાફ નકલી હોવાનું એટલે કે માત્ર કાગળ ઉપર જ હોવાનું ઘટસ્ફોટ થયો છે. કોલેજમાં કાઉન્સિલના નિયમ મુજબના પ્રોફેસરો અને હોસ્પિટલમાં લાયકાત ધરાવતા ડોક્ટરો છે જ નહીં, બધું માત્ર કાગળ ઉપર જ ચાલતું હોવાનો પર્દાફાશ થયો છે.હોમિયોપેથી આયોગની ટીમે કોલેજ અને હોસ્પિટલના રજિસ્ટર, વિદ્યાર્થીઓની સંખ્યા, હોસ્પિટલનું રજિસ્ટર, ડોક્ટરની સંખ્યા, કેટલા દર્દીઓએ મુલાકાત લીધી તેવી અનેક બાબતોના દસ્તાવેજો ચેકિંગ કરી રહ્યા છે. બી.એ ડાંગર હોમિયોપેથી કોલેજ અને હોસ્પિટલમાં ૧૦૦થી વધુ ટીચિંગ, નોન ટીચિંગ અને ડોક્ટરનો સ્ટાફ હોવાનું દર્શાવ્યું છે પરંતુ હકીકતમાં માત્ર ૧૦-૨૦ ટકા જ સ્ટાફથી તમામ સંચાલન કરવામાં આવે છે. આ ઉપરાંત સ્ટાફને જે પગાર ચૂકવવામાં આવે છે તેમાં પણ ગોટાળા બહાર આવ્યા છે જેમ કે સ્ટાફને પગાર આપીને પરત લઈ લેવો, પગાર ખર્ચ તરીકે લાખોના ચેકના માત્ર ફોટા જ બતાવ્યા છે પરંતુ આ ચેક બેંકમાં ક્યારેય જમા નહીં થયા હોવાનું પણ બેંક સ્ટેટમેન્ટ ચેક કરતા બહાર આવ્યું હોવાનું જાણવા મળ્યું છે.

અગાઉ ડિસેમ્બરમાં પણ હોમિયોપેથી આયોગની ટીમ ચેકિંગમાં આવી હતી. બાદમાં કોલેજને નિયમ મુજબની વ્યવસ્થા નહીં હોવાની નોટિસ ફટકારી હતી, પરંતુ કોલેજના ટ્રસ્ટીઓ જનક મેતા અને તેમના પુત્ર આત્મન મેતા દ્વારા આયોગ અને આયોગના નિયમોનો ઉલાળિયો કરી ગેરકાયદે સંચાલન કરતા હતા. કોલેજ દ્વારા આયોગને જવાબ નહીં અપાતા એક વખત ફરી ઓનલાઈન ઈન્સ્પેક્શન કર્યું હતું. એપ્રિલમાં ફરી આયોગની ટીમ ચેકિંગમાં આવી હતી અને હાલ ૨૩ એપ્રિલથી હજુ પણ આ કોલેજમાં આયોગનું ચેકિંગ ચાલી રહ્યું છે જેમાં નેશનલ કમિશન ફોર હોમિયોપેથી-દિલ્હીના ચેરમેન જનાર્ધન નાયર અને તેની ટીમ કોલેજ-હોસ્પિટલના તમામ દસ્તાવેજોની તપાસ કરી રહ્યા છે.

બી.એ. ડાંગર કોલેજમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન બી.એસસી કોર્સ ચાલે છે. આ જ કોલેજના પૂર્વ આચાર્યએ જણાવ્યું હતું કે, સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના બી.એસસીના વિદ્યાર્થીઓ કોલેજ ભાગ્યે જ આવે છે. કોલેજના સંચાલકો બધા કોર્સમાં ગેરરીતિ આચરે છે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની બી.એસસીની પરીક્ષામાં પણ વિદ્યાર્થીઓને ચોરી કરાવીને પાસ કરાવે છે.

બી.એ.ડાંગર હોમિયોપેથી અને મેડિકલ કોલેજમાં BHMSની મેનેજમેન્ટ ક્વોટાની ફી ૧.૨૧ લાખ હોવાનું અને BHMS, નર્સિંગ, બીએસસી સહિતના કુલ ૧૦૦થી વધુ વિદ્યાર્થીઓ પાસેથી વર્ષે લાખો રૂપિયા ફી વસૂલવામાં આવતી હતી પણ મોટાભાગના વિદ્યાર્થીઓ કોલેજમાં આવતા ન હતા, ઘેરબેઠા જ ભણાવતા. કોલેજમાં ભણાવી શકે એવા લાયક પ્રોફેસર અને હોસ્પિટલમાં ડોક્ટર કે નર્સિંગ સ્ટાફ જ નથી. માત્ર કાગળ ઉપર જ બધું ચાલતું હોવાનું હોમિયોપેથી આયોગની તપાસમાં ખૂલ્યું છે.

## ચૂંટણી પંચની 'સુવિધા એપ્લિકેશન'માં જ અસુવિધાઃ વાહન પરમીટ નીકળતી જ નથી

- કોંગ્રેસના ચૂંટણી એજન્ટ કાનાબારનો આક્ષેપ

રાજકોટ, તા. ૨૩: લોકસભાની ચૂંટણીમાં ઉમેદવારોને વાહનોની પરમીટ સહિતની સુવિધાઓ મેળવવામાં સરળતા રહે તે માટે ચૂંટણી પંચ દ્વારા સુવિધા એપ્લિકેશન લોન્ચ કરવામાં આવી છે. પરંતુ આ સુવિધા એપ્લિકેશનમાં ગોટાળા રહેલા હોય, વાહનની પરમીટ કઢાવવા સહિતની સુવિધા મેળવવામાં ભારે હાડમારી પડી રહી છે. તેમ રાજકોટ લોકસભા બેઠકના ચૂંટણી એજન્ટ પંકજભાઇ કાનાબારે જણાવ્યું હતું.

તેઓએ જણાવ્યું હતું કે મતદાર યાદી માન્ય રાજકીય પક્ષોને એક એક નકલમાં આપવામાં આવે છે. પરંતુ જો બીજી નકલ મતદાર યાદીની જોઈતી હોય તો તેની કિંમત રૂ. ૬૫૦૦૦ નિયત કરવામાં આવેલ છે જેથી આ રકમ ચૂંટણી પંચને ચૂકવવી ફરજીયાત છે.

તેઓએ વિશેષમાં જણાવ્યું હતું કે, લોકસભાની ચૂંટણીમાં ઉમેદવારો માટે તમામ વિધાનસભા વિસ્તારોની વાહન પરમીટ આપવી જરૂરી છે. પરંતુ આ પરમીટ મેળવવામાં ઉમેદવારોને અને તેમના પ્રતિનિધિઓને મુશ્કેલી પડી રહી હોય, આ બાબતે કાર્યવાહી કરવી આવશ્યક છે.

## રૂપાલાની ક્ષત્રિય સમાજને ફરી એકવાર અપીલઃ નાની-મોટી વાતોને જતી કરો

- મોરબી ખાતે યોજાયેલ જાહેર સભાના મંચ પરથી ઉમેદવાર પરસોત્તમ રૂપાલાએ " જય શિવાજી " જય ભવાની નારા લગાવ્યાઃ રાષ્ટ્રહિતનાં કાર્યમાં જોડાવવા ક્ષત્રિય સમાજને આહ્વાન કર્યુ

(સામના મિરર, સંવાદદાતા)
રાજકોટ, તા.૨૩: રાજકોટ લોકસભા બેઠકના ભાજપ ઉમેદવાર પરશોત્તમભાઈ રૂપાલા સામે હાલનાં સંજોગોમાં ક્ષત્રિય સમાજ દ્વારા વિરોધ યથાવત રહ્યો છે. ત્યારે વિરોધની પરવા કર્યા વિના ભાજપ ઉમેદવાર પરશોત્તમભાઈ રૂપાલાએ પ્રચાર-પ્રસાર પુરજોશમાં હાથ ધર્યો છે.

અગાઉ ક્ષત્રિય સમાજની માફી માંગી લીધા બાદ જાહેર મંચ પરથી ક્ષત્રિય સમાજનો સહયોગ માંગ્યો હતો અને ફરી એકવાર મોરબી ખાતેની જાહેર સભામાં ક્ષત્રિય સમાજને નાની-મોટી વાતને જતી કરી રાષ્ટ્રહિતનાં કાર્યમાં જોડાવવા અપીલ કરી હતી.

રાજકોટ લોકસભા બેઠકનાં ભાજપ ઉમેદવાર પરશોત્તમભાઈ રૂપાલાએ મોરબી જિલ્લાના પ્રવાસ દરમિયાન મોરબી રવાપર ચોકડી ખાતે મધ્યસ્થ કાર્યાલયનું ઉદ્દઘાટન કર્યા બાદ જાહેર સભાનાં મંચ પરથી " જય શિવાજી " જય ભવાની નારા લગાવી ક્ષત્રિય સમાજને અપીલ કરતા જણાવ્યું હતું. કે રાષ્ટ્રહિતનાં કાર્યમાં જોડાવવા અને વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના હાથ મજબુત બનાવવા નાની મોટી વાતને દર ગુજર કરી ક્ષત્રિયો પણ સાથે જોડાઈ તેવી અપીલ કરી હતી.

એક તરફ ભાજપનાં ઉમેદવાર પરશોત્તમભાઈ રૂપાલાનો ક્ષત્રિય સમાજમાં વિરોધ હજુ યથાવત છે ક્ષત્રિય સમાજ તેમને માફ કરવા તૈયાર નથી સાથે ભાજપ પક્ષ સામે નારાજની વ્યકત કરી છે.

સાથે ભાજપના ઉમેદવારોને કારમો પરાજય આપવા પાર્ટ-૨ ધર્મ યુદ્ધ છેડ્યુ છે તેવા સમયે ભાજપ ઉમેદવાર પરશોત્તમભાઈ રૂપાલાએ ફરી એકવાર મોરબી ખાતેની જાહેર સભામાં ક્ષત્રિય સમાજને નાની-મોટી વાતોને જતી કરી રાષ્ટ્રહિતનાં કાર્યમાં જોડાવવા અપીલ કરી હતી.

# કસ્ટડીયલ ડેથઃ ભાગી છુટેલો એએસઆઈ અશ્વિન કાનગડ સામેથી હાજર થઈ ગયો

- સપ્તાહ પહેલા આ ચકચારી બનાવ બન્યો હતો
- આરોપીને ક્રાઈમ બ્રાંચે માલવીયાનગર પોલીસને સોંપ્યો : રિમાન્ડ માટે તજવીજ કરાશે

(સામના મિરર, સંવાદદાતા)

રાજકોટ, તા.૧ઃ માલવીયાનગર પોલીસ મથકના કસ્ટડીયલ ડેથ મામલે ભાગી છુટેલો આરોપી એએસઆઈ અશ્વિન કાનગડ સામેથી હાજર થઈ ગયો હતો. આરોપીને ક્રાઈમ બ્રાંચે માલવીયાનગર પોલીસને સોંપ્યો છે. હવે તેની રિમાન્ડ માટે તજવીજ કરાશે.

બનાવની ટૂંકી વિગત મુજબ, ગત તા.૧૪ એપ્રિલની રાત્રે પાડોશીની માથાકૂટમાં સમાધાન કરાવવા ઘર પાસે શેરીમાં ગયેલા હમીર ઉર્ફે ગોપાલ દેવજીભાઈ રાઠોડ(ઉ.વ.૩૪)ને માલવીયાનગર પોલીસ મથકનો સ્ટાફ ઉઠાવી ગયો હતો. તેની સાથે અન્ય એક યુવાને પણ પોલીસ મથકે લઈ ગયા હતા.





હમીરને બેફામ માર મારવામાં આવેલો.

જ્યારે સાથેના યુવાન રાજેશ સોલંકીને પણ માર મારવામાં આવેલો. રાત્રે પરિવારના લોકો પોલીસ મથકે ગયા હતા. પોલીસે છોડી મુકતા હમીરને ઘરે લાવવામાં આવેલ. પોલીસ મથકે એએસઆઈ અશ્વિન જેઠા કાનગડે બેફામ માર માર્યો હતો. સવારે હમીર નીંદરમાંથી ન જાગતા તેને વોકહાર્ટ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.

૧૫મીએ માલવીયાનગર પોલીસ દ્વારા જાણી જોયને આરોપી એએસઆઈના નામ વગરની એફઆઈઆર નોંધી હતી અને તેમાં આઈપીસી ૩૦૭ અને ૩૨૩ની કલમ દર્શાવી હતી. ૧૬મીએ સવારે હમીરનું સારવારમાં મોત નીપજ્યું હતું. બનાવના પગલે અનુસૂચિત જાતિ સમાજના લોકો રોષ ભેર એકત્ર થયા હતા.

એફઆઈઆરમાં આરોપીનું નામ ન હોય, અને આરોપીને પકડવામાં ન આવ્યો હોય મૃતદેહ સ્વીકારવા ઈન્કાર કરાયો હતો. હોસ્પિટલ ચોકમાં બાબા સાહેબ આંબેડકરજીની પ્રતિમા પાસે મૃતદેહ રાખી દેખાવો કરાયા હતા. ત્યાં પથ્થર મારો અને તોડફોડ થઈ હતી. એટ્રોસિટી એકટ અને હત્યાની કલમો ઉમેરે એએસઆઈ અશ્વિનના નામ જોગ કોર્ટમાં રિપોર્ટ કરાતા અને ૪૮ કલાકમાં આરોપીને પકડવા ખાતરી આપાતા મૃતદેહ સ્વીકારવામાં આવેલ.જોકે ઘટનાના સપ્તાહ પછી પણ પોલીસ આરોપીને પકડી શકી નહોતી. સૂત્રોએ જણાવ્યું કે, આરોપી સામેથી ક્રાઈમ બ્રાંચ સમક્ષ હાજર થઈ ગયો હતો. ડીસીપી ક્રાઈમ ડો.પાર્થરાજસિંહ ગોહિલ જણાવ્યું કે, આરોપી એએસઆઈને માલવીયાનગર પોલીસને સોંપવામાં આવેલ છે.

## રાજકોટ લોકસભાના ભાજપના ઉમેદવાર પરસોત્તમ રૂપાલા હનુમાનજીના દર્શનાર્થે



રાજકોટ લોકસભાના ભાજપના ઉમેદવાર પુરૂષોત્તમભાઈ રૂપાલા આજે હનુમાન જયંતી નિમિતે રાજકોટના સુપ્રસિદ્ધ હનુમાનજી મંદિરના દર્શનાર્થે આવી પહોંચતા તેમનું અભિવાદન કરવામાં આવેલ હતું. પ્રથમ તસ્વીરમાં બાલાજી હનુમાનજી મંદિરના મહંત શ્રી વિવેકસાગર સ્વામી તથા અન્ય સંતો પુરુષોત્તમભાઈ રૂપાલાનું અભિવાદન કર્યું હતું તેમજ પેડક રોડ પર આવેલ બાળક હનુમાન મંદિરે દર્શન કર્યા બાદ તેમનું અભિવાદન કરાયું હતું. તેમની સાથે ધારાસભ્ય ઉદય કાનગડ, રામભાઈ મોકરીયા, (સાંસદ) સહિતના અન્યો જોડાયા હતાં.

# મનપાની પ્રતિબંધિત પ્લાસ્ટિક ઝુંબેશમાં વધુ ૧૦૫ વેપારીઓ દંડાયા

- ત્રણેય ઝોનમાંથી ૭.૧૬૦ કિ.ગ્રા.પ્લાસ્ટિક જપ્તઃ ગંદકી કરનાર આસામીઓ પાસેથી રૂ.૫ હજારનો વહીવટી ચાર્જ વસુલાયો

રાજકોટ,તા.૨૩ઃ રાજકોટ મનપા સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગની ટીમ દ્વારા પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરવાની તથા ગંદકી કરતા આસામી પાસેથી દંડ વસુલ કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જેમાં તા.૨૨/૦૪/૨૦૨૪ ના રોજ ત્રણેય ઝોનમાંથી કુલ ૧૦૫ આસામીઓ પાસેથી ૭.૧૬૦ કી.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ. ૨૫૦૦૦/-નો વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવ્યો હતો.

સેન્ટ્રલ ઝોનના વિવિધ મુખ્ય માર્ગો પર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૩૪ આસામીઓ પાસેથી ૨.૩૭૫ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ. ૭૦૫૦/-નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે.

વેસ્ટ ઝોનના વિવિધ મુખ્ય માર્ગો પર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૪૯ આસામીઓ પાસેથી ૩.૯૬૦ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ. ૧૨૪૦૦/- નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે.

ઈસ્ટ ઝોનના વિવિધ મુખ્ય માર્ગો પર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૨૨ આસામીઓ પાસેથી ૦.૮૨૫ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ. ૫૫૫૦/-નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે.

ઉપરોક્ત કામગીરી મ્યુનિસિપલ કમિશનરશ્રી આનંદ પટેલની સુચના અને નાયબ મ્યુનિસિપલ કમિશનર સ્વપ્નિલ ખરેના માર્ગદર્શન હેઠળ પર્યાવરણ ઈજનેર તેમજ ત્રણેય ઝોનના નાયબ પર્યાવરણ ઈજનેરના સુપરવિઝનમાં આસી. પર્યાવરણ ઈજનેર/ સેનીટેશન ઓફિસર હાજરીમાં સેનેટરી ઇન્પેસુ કટર/ સેનેટરી સબ ઈન્સ્પેકટર દ્વારા કરવામાં આવેલ.

# હનુમાનજી જન્મોત્સવની ઉજવણી હોવાથી આઠમી શોભાયાત્રાનું આયોજન

શ્રી વાસુકી ગરબી મંડળ/ મહિલા ધૂન મંડળ થાનગઢ આયોજીત ચૈત્રી પૂનમ હોવાથી શ્રી હનુમાનજી જન્મોત્સવની ઉજવણી હોવાથી આઠમી શોભાયાત્રા નું આયોજન કરવામાં આવ્યું તારીખઃ- ૨૩/૦૪/૨૦૨૪ ને મંગળવારે ચૈત્રી પૂનમ હોવાથી આજે સવારે ૯ઃ૩૦ કલાકે હનુમાનજી શોભાયાત્રા નું આયોજન કરાયું જેમાં વાસુકીપ્લોટ,વાસુકી મંદિરે, આઝાદ ચોક તેમજ ડો. સતાપરા સાહેબના દવાખાના પાસેથી હનુમાનજી મંદિર સુધી શોભાયાત્રાના રૂટ યોજના મુજબ ભવ્ય શોભાયાત્રા, ડીજેના તાલે, વાજતે ગાતે શોભાયાત્રા હનુમાનજી મહારાજની કાઢવામાં આવી જેમાં થાનગઢના નગરજનો જોડાયા હતા વાસુકીગરબી મંડળ તેમજ સભ્યો દ્વારા બપોરે ૧-૦૦ વાગ્યે મહાપ્રસાદનું આયોજન કરાયું આજના કાર્યક્રમ સાંજે ૪-૦૦ કલાકે અન્નકૂટ દર્શન થશે સાંજે ૫-૦૦ વાગ્યે બાળકો માટે બટુક ભોજનનું આયોજન થશે રાત્રે શ્રી જોગધૂન મંડળ દ્વારા રાત્રે ૯ઃ૦૦ કલાકે ધૂન નું આયોજન કરાયું છે શ્રી હનુમાનજી જન્મોત્સવનું આયોજન શ્રી વાસુકી ગરબી મંડળ /મહિલા ધૂન મંડળ થાનગઢ દ્વારા ભવ્યથી ભવ્ય શ્રી હનુમાનજી જન્મોત્સવ યોજાયો

# રાજકોટમાં લૂખ્ખાઓ બેફામ

## હોર્ન વગાડવા મામલે બાઈકને આંતરી પાંચ શખ્સોએ યુવક અને તેના મિત્રોને ઓફિસમાં લઈ જઈ માર માર્યો

- **ઈન્દિરા સર્કલ નજીક ઉદય ઓટો કન્સલ્ટન્ટ ઓફિસનો બનાવઃ અજાણ્યાં શખ્સોએ યુવાન પર ગન તાકી જ્ઞાતિ પ્રત્યે હડધૂત કર્યા**

રાજકોટ. તા. ૨૩ઃ ઈન્દિરા સર્કલ નજીક વાહનનું હોર્ન વગાડવા પ્રશ્ને ઝગડો થયા બાદ યુવક અને તેના બે મિત્રોને ઓફિસમાં લઈ જઈ ધોકા વડે મારમારી ગન બતાવી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. સાથે રહેલા યુવકના બે મિત્રોને જ્ઞાતિ પ્રત્યે હડધૂત કરતાં યુનિવર્સિટી પોલીસ મથકે એટ્રોસિટી એક્ટ સહિતની કલમ હેઠળ ફરીયાદ નોંધાઈ હતી.

બનાવ અંગે નાણાવટી ચોક પાસે આર.એમ.સી. ક્વાર્ટરમાં રહેતા અને ઝોમેટોમાં નોકરી કરતા હિમાંશુ મુકેશભાઈ મુલીયા (ઉ.વ.૨૨) નામના યુવકે પાંચ અજાણ્યા શખ્સો સામે યુનિવર્સીટી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. ફરિયાદમાં જણાવ્યું છે કે, ગત રાત્રીના નવેક વાગ્યે હું અને મારો મિત્ર કરણ વાઘેલા બાઈક લઈને ઘરે જતા હતા ત્યારે કાલાવડ રોડ સ્વામિનારાયણ મંદિર પાસે પહોંચતા પાછળ ત્રણ સવારીમાં આવતા બાઈક સવાર જોર જોરથી હોર્ન વગાડતા હોવાથી અમે કોટેચા ચોક પાસે બાઈક ધીમું પાડી દીધું હતું.

આથી આરોપી ત્રણેય આગળ નીકળી ગયા હતા બાદમાં મેં પાછળથી હોર્ન વગાડતા તેઓને સારું નહીં લાગતા કેકેવી હોલથી ઈન્દિરા સર્કલ વચ્ચે બાઈક ઉભું રાખીને ઉભા હતા ત્યારે આરોપી ત્રણ સવારી બાઈકમાં આવેલા શખ્સોએ ગાળ આપી હતી, તેમને ગાળ આપવાની ના પાડતા બાજુની શેરીમાં તેઓને બોલાવતા તેમની સાથે રહેલો મિત્ર કારણ ભાગી ગયો હતો.

બાદમાં તેઓએ તેમના મિત્ર અનિલ વાઘેલા, શૈલેષ વાજા, આદિલ પાડ્યાને ફોન કરતા તે દોડી આવ્યા હતાં. ત્રેણય શખ્સો અમારી સાથે ઝગડો કરી ઢીકાપાટુનો મારમાર્યો હતો. દરમિયાન સફેદ કલરની એક કાર ઘસી આવી હતી અને તેમાંથી ઉતરેલા બે શખ્સો પણ ઝગડો કરવા લાગ્યા હતા. દરમિયાન આરોપીઓ મને અને મારા બંને મિત્રોને નજીકમાં આવેલી ઉદય કન્સલ્ટન્સી નામની ઓફિસમાં લઇ ગયા હતા ત્યાંથી મિત્ર આદિલ ભાગી ગયો હતો.

અમને ત્રણેયને પાંચેય શખ્સોએ ધોકા વડે આડેધડ માર મારવા લાગ્યા હતા. તેમજ નામ પૂછતાં નામ જણાવ્યા હતા. જેમાં મારા મિત્ર અનિલ વઘેરા અને શૈલેષ વાજાને જ્ઞાતિ પ્રત્યે હડધૂત કરી તમે કાઠી સામે આવ્યા છો કહી, ગન બતાવી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

દરમિયાન મિત્ર સાહિલ પંડ્યા પોલીસની ૧૦૦ નંબર ગાડી સાથે આવ્યો હતો અને ૧૦૮ માં ફોન કરી સિવિલ હોસ્પિટલમાં સારવાર અપાવી હતી. અમને માર મારતા મારા ફોનની ડિપ્સલે તોડી નાખતા રૂ.૨૫૦૦ નું નુકસાન પણ કર્યું હતું.

પોલીસે યુવકની ફરિયાદના આધારે અજાણ્યા પાંચ શખ્સો સામે એટ્રોસિટી સહિતની કલમ હેઠળ ગુનો નોંધી ઝડપી પાડવા તજવીજહાથધરીછે.

## મહાપુજા ધામ ચોક પાસે આવારા તત્વોનો આતંકઃ કારને આંતરી તોડફોડ કરી



રાજકોટ. તા.૨૩ઃ મહાપુજા ધામ ચોક પાસે અવાર તત્વોએ આતંક મચાવી કારને આંતરી તોડફોડ કરી કારમાં મોટું નુકસાન કરી કાર ચાલકને ધમકી આપતાં માલવીયાનગર પોલીસે ગુનો નોંધી આરોપીની ઓળખ મેળવવા તજવીજ હાથ ધરી હતી.

બનાવ અંગે મનહર પ્લોટ શેરી નં.૧૫ માં રાજ લક્ષ્મી એપાર્ટમેન્ટમાં રહેતાં દર્શન મનીષભાઈ જયસ્વાલ (ઉ.વ.૨૩) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે અજાણ્યાં ચાર શખ્સોના નામ આપતાં માલવીયાનગર પોલીસે આઇપીસી ૪૨૭,૫૦૪,૨૯૪(ખ) સહિતની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

વધુમાં ફરિયાદીએ જણાવ્યું હતું કે, તેઓ ૧૫૦ ફૂટ રિંગરોડ પર પુનીતનગર સર્કલ ટુર્સ એન્ડ ટ્રાવેલ્સનું કામ કાજ કરે છે. ગઇ તા.૧૯/૦૪/૨૦૨૪ ના સાંજના સમયે ઘરેથી કાર લઇ ઓફીસે જતો હતો ત્યારે ૧૫૦ ફુટ રીંગ રોડ પર મહાપુજા ધામ ચોક પાસે ખીજડા વાળા રોડ તરફથી એક ડબલ સવારી બુલેટ ચાલકે કારના ખાલી સાઇડના ભાગે સામાન્ય અડી જતા કાર ત્યાં ઉભી રાખી અને ગાડીનો ખાલી સાઇડના દરવાજાનો કાચ ખોલી બુલેટના ચાલકને જણાવેલ કે શુ તકલીફ છે ? મારી ગાડી સાથે તમે જાણી જોયને બુલેટ અથડાળેલ છે ? તેમ કહેતાં બુલેટના ચાલક અને તેની પાછળ બેસેલ શખ્સ બુલેટ સ્ટેન્ડ કરીને નજીક આવી જાહેરમા બોલાચાલી કરી ગાળો આપવા લાગેલ હતા. ત્યારબાદ અન્ય બે શખ્સો એક્ટીવામાં ઘસી આવેલ અને ત્રણ શખ્સો કારની ફરતે આવી દરવાજામાં અને કાચમા હાથે પગેથી ઢીકાપાટુના મુક્કા મારી દરવાજાને અને કાચને નુકશાન કરેલ અને સાઇડ ગ્લાસ તોડી નાખેલ હતો. બાદમા અન્ય શખ્સોએ પણ કારમાં તોડફોડ કરી હતી. તેમજ એક શખ્સ ગાડીના બોનેટ પર ચડી ગયેલ અને ગાડીના આગળના કાચમા પાટા મારી તે કાચ ફોડી નાખેલ હતો અને બોનેટના ભાગે પણ પાટા મારીને ઘોબા પાડી નુકશાન કરેલ હતું. તેમજ ગાડીની ડ્રાઈવર બાજુની આગળની હેડ લાઇટ પણ આરોપીઓએ તોડી નાખેલ હતી અને ગાડીના દરવાજા ખખડાવી તુ બહાર નીકળ કહેતાં તેઓ ગાડીના દરવાજાઓ લોક કરી લીધેલ હતા. દરમિયાન લોકો એકઠાં થતાં આરોપીઓ બુલેટ અને એક્ટિવા લઈ નાસી છૂટ્યા હતાં.

# સદ્ભાવના બળદ આશ્રમ દ્વારા બળદોની જીંદગી બચાવવા અપીલ કરાઈ

રાજકોટ,તા.૨૩ઃ સદભાવના બળદ આશ્રમ દ્વારા બળદોની જીંદગી બચાવવા અપીલ કરવામાં આવી છે. બળદનો ઉપયોગ ખેતીવાડીમાં કરી શકાય છે. પ્રાચીન કાળમાં પણ જયારે સાધનોની શોધ થઈ નહોતી, ત્યારે મુસાફરી કરવા તેમજ માલસામાનની હેરફેર કરવા માટે બળદગાડાનો જ ઉપયોગ કરવામાં આવતો હતો. ગુજરાતના કોઈપણ ગામ-શહેર, હાઈવે પર બળદ છુટા, રખડતા, લાચાર-બીમાર કે વયોવૃધ્ધ અવસ્થામાં, અનાથ, નિરાધાર જોવા મળે તો તરત જ સદભાવના વૃધ્ધાશ્રમને જાણ કરવા



જણાવ્યું છે. બળદોને સદભાવના વૃધ્ધાશ્રમ (રાજકોટ) દ્વારા નિઃશુલ્ક, આજીવન, આશરો આપવામાં આવશે. હાલમાં પણ ૧૬૦૦ જેટલા બળદોને સદભાવના બળદ આશ્રમ ખાતે આશરો અપાયો છે. જો કોઈ વ્યકિતને આવા કોઈ નિરાધાર બળદ દેખાય તો સંસ્થા મો. ૮૩૨૦૪ ૦૮૯૦૮ તથા સદભાવના બળદ આશ્રમ, કાલાવડ રોડ,ખીરસરા અને દેવગામની ધાર,ગુકેશ્વર મહાદેવનું મંદિર, ભૂમિ એગ્રોની પાછળ, રાજકોટ ખાતે સંપર્ક કરવાનો રહેશે.

**ઓબીસી જનજાગરણ મંચ દ્વારા**

ઓબીસી પરીવારનું મહાસંમેલન યોજાયુંઃ અધિકાર વંચિત સમાજ માટે કામ કરતા કાર્યકર્તાઓને અંત્યોદય સેવારત્ન એવોર્ડ કરાયો અર્પણ

## વોર્ડ નં.૩ સફાઈ કામગીરી સાથે સંકળાયેલા બહેનોની આ સહાય જૂથની રચના



રાજકોટ મહાનગરપાલિકા દ્વારા વોર્ડ નં.૧૩માં પંચશીલ નગર ખાતે તા.૨૨નાં રોજ માર્ગદર્શક મીટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મીટીંગમાં સ્વ-સહાય જૂથની રચનાથી મહિલા નેતૃત્વ મજબુત બને અને જૂથ થકી થતા ફાયદાઓથી માહિતીગાર કરવામાં આવ્યા સાથોસાથ બહેનોને સૂકા અને ભીના કચરાના વર્ગીકરણ અંગે માર્ગદર્શન,૩આર (રીડ્યુઝ, રીયુઝ અને રીસાઈકલ) તથા કીચન વેસ્ટના હોમ કોમ્પોસ્ટીંગ અંગેની માહિતી વોર્ડ ન.૧૩ નાં સેનેટરી સબ ઇન્સ્પેકટર વિશાલભાઈ કાપડિયા દ્વારા આપવામાં આવેલ તથા સ્વચ્છતા બાબતે શપત પણ લેવડાવવામાં આવેલ હતી.

આ સમગ્ર કામગીરીને સફળ બનાવવા પ્રોજેક્ટ ઓફિસર કાશ્મિરા વાઢેરનાં માર્ગદર્શનમાં સીનીયર કોમ્યુનીટી ઓર્ગેનાઈઝર શ્રીમતિ એન.આર.કાથડ તથા સીનીયર કોમ્યુનીટી ઓર્ગેનાઈઝર દિસીબેન આગરીયા સમાજ સંગઠક ચૌહાણ પ્રતિક્ષાબેન એ જહેમત ઉઠાવેલ હતી.

## અવસાન નોંધ : રાજકોટ

શ્રી ગુજરાતી મચ્છુ કઠિયા દરજી જ્ઞાતિ ના સ્વ. નયનાબેન બકુલભાઈ ચૌહાણ તેઓ સ્વ. બકુલભાઈ મોતીલાલ ચૌહાણ લાઠીવાળા ના ધર્મ પત્ની ઉંમર વર્ષ ૬૪ તા. ૨૩/૦૪/૨૦૨૪ મંગળવાર ના રોજ શ્રીજીચરણ પામેલ છે. તેઓ કિશોરભાઈ મનસુખભાઈ તથા ભરતભાઈ ના ભાભી તથા ભવિનભાઈ તથા કલ્પેશભાઈ તથા જ્યોતિબેન પરમાર તથા હર્ષાબેન ચાવડા ના માતુશ્રી થાય છે. તેમનું બેસણું તા. ૨૫/૦૪/૨૦૨૪ ને ગુરુવાર ના રોજ સમય સાંજે ૫ થી ૬ સાંગાણવા ચોક ખાતે રાખેલ છે.

**મો. ભવિનભાઈ ૯૬૮૭૩ ૧૫૦૯૫ કલ્પેશભાઈ ૯૭૧૨૭ ૩૯૯૩૫**

# ઓબીસી જનજાગરણ મંચ દ્વારા ઓબીસી પરીવારનું મહાસંમેલન યોજાયું



**■ અધિકાર વંચિત સમાજ માટે કામ કરતા કાર્યકર્તાઓને અંત્યોદય સેવારત્ન એવોર્ડ કરાયો અર્પણ**

**(સામના મિરર, સંવાદદાતા)**

રાજકોટ, તા.૨૩ઃ ઓબીસી જનજાગરણ મંચ દ્વારા ભારતના પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના હાથ મજબૂત કરવા ઓબીસી પરીવાર મહાસંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. તે સંમેલનમાં વિશાળ સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે ગરીબ અને અધિકાર વંચિત સમાજ માટે લગાતાર કામ કરનારા કાર્યકર્તાઓને અંત્યોદય સેવારત્ન અર્પણ કરવાનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો.

આ કાર્યક્રમમાં વજુભાઈ વાળા, લોકસભાના ઉમેદવાર પુરુષોત્તમભાઈ રૂપાલા, રાજયના પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી, રાજ્ય સભાના સભ્ય રામભાઈ મોકરીયા, સાંસદ મોહનભાઈ કુંડારીયા, ધારાસભ્ય ઉદયભાઈ કાનગડ વગેરે મહાનુભવો ઉપસ્થિત રહ્યા હતા. ગરીબો ઉપેક્ષિતો માટે નિરંતર કામ કરતા આગેવાનોને સેવા રત્ન એવોર્ડ આપવાનું ઓબીસી જનજાગરણ મંચની સમિતિએ નકકી કર્યું છે તે અનુસાર અંત્યોદય સેવા રત્નમાં વજુભાઈ વાળાના વરદ હસ્તે સેનીટેશન કમિટીના ચેરમેન નિલેશભાઈ જલુને અર્પણ, પુરુષોત્તમભાઈ રૂપાલાએ છોટુભાઈ પરસોંડાને અને વિજયભાઈ રૂપાણીએ કનકભાઈ બજાણીયા અંત્યોદય સેવા રત્ન એવોર્ડ અપર્ણ કરીને સન્માન કરીને કર્યું હતું. પુરુષોત્તમભાઈ રૂપાલાનું વિશિષ્ટ સન્માન હતું.

# રામ ઔર શ્યામ આઝાદહિન્દ સહિત એક ડઝન ગોલાનાં ધંધાર્થીઓ ફૂડ શાખાની ઝપટે






**■ ૨૧-કિલો માવાની રબડીનો નાશઃ ફ્લેવર શીરપનાં ૩ સેમ્પલો લેવાયાઃ સિટી આઈસ્કીમમાંથી ૧૦૦ નંગ પડતર કેન્ડીનો પણ નાશઃ**

રાજકોટ, તા.૨૩ઃ હાલ ઉનાળાની સિઝન ચાલી રહી હોય ફ્લેવર્ડ બરફ ગોલા, આઈસ્ક્રીમનો વ્યાપક ઉપાડ થઈ રહ્યો છે. ત્યારે મહાપાલિકાની ફૂડ શાખા દ્વારા અનેક સ્થળે કરેલા ચેકીંગ દરમ્યાન અખાદ્ય જીવાત વાળો લોટ, પડતર કેન્ડી, ગોલામાં વપરાતી વાસી રબડી, વિગેરે નો નાશ કરાયો હતો.અને રામ ઔર શ્યામ ગોલા (કાલાવડ રોડ) તથા જયભવાની ડ્રાયફ્રુટ ડિશ ગોલા (મહિલા કોલેજ ચોક) માંથી સ્ટ્રોબેરી અને કાચી કેરી ફ્લેવર સિરપનાં પણ ત્રણ સેમ્પલો લઈ અને લેબોરેટરી ચકાસણી માટે મોકલી આપેલ છે. આ અંગેની ફૂડ શાખાનાં સૂત્રો માંથી પ્રાપ્ત થતી વધુ વિગતો મુજબ રાજકોટ મહાનગરપાલિકા ફૂડ વિભાગ દ્વારા સર્વેલન્સ ચેકિંગ દરમિયાન ફૂડ પોસ્ટ, ૧૫૦ ફૂટ રિંગ રોડ, અમીન માર્ગને છેડે, ગિરિરાજ હોસ્પિટલ સામે, રાજકોટની તપાસ કરતાં સ્થળ પર સ્ટોર રૂમમાં સંગ્રહ કરેલ જીવાત વાળો લોટ ૪૫ કિ.ગ્રા., ફ્રીઝમાં રાખેલ સલાડ, ગ્રેવી ૫ કિ.ગ્રા. તથા એક્સપાયરી થયેલ બેકરી પ્રોડક્ટસ ૫ કિ.ગ્રા. વાસી અખાદ્ય જણાતા કુલ મળીને ૫૫ કિ.ગ્રા. જથ્થો સ્થળ પર નાશ કરવામાં આવેલ તેમજ હાઈજેનિક કન્ડિશન જાળવવા બાબતે તથા લાયસન્સ બાબતે નોટિસ આપવામાં આવેલ.

સર્વેલન્સ ચેકિંગ દરમિયાન સિટી આઇસ્ક્રીમ, આશરા ચેમ્બર, રૈયા રોડ, રાજકોટની તપાસ કરતાં સ્થળ પર ફ્રિઝમાં સંગ્રહ કરેલ એકપાયરી ડેટ વગર કે ઉત્પાદન ની વિગતો દર્શાવ્યા વગરની પડતર રહેલ રાજ બ્રાન્ડ કેન્ડી વાસી અખાદ્ય જણાતા કુલ ૧૦૦ નંગ પેકિંગ સ્થળ પર નાશ કરવામાં આવેલ તેમજ લાયસન્સ બાબતે નોટિસ આપવામાં આવેલ.

ઉનાળાની સિઝનને અનુલક્ષીને કરવામાં આવેલ આઈસ ગોલા વેચાણ કરતાં એકમોના ચેકિંગ ડ્રાઈવ અંગે ફૂડ વિભાગ દ્વારા નીચે મુજબની વિગતે દર્શાવેલ કુલ-૧૨ એકમોની તપાસ કરવામાં આવેલ તેમજ બરફ ગોલામાં ઉપયોગ કરવામાં આવતી પડતર રહેલ માવાની રબડીનો કુલ ૨૧ કિ.ગ્રા. જથ્થો નાશ કરવામાં આવેલ તથા બરફ ગોલાના ફ્લેવર સીરપના કુલ -૦૩ નમૂના લેવામાં આવેલ.

આઝાદ હિન્દ ગોલાવાળા (ત્રિકોણ બાગ પાસે) -પડતર રહેલ માવાની રબડી ૦૩ કિ.ગ્રા. નો નાશ તથા લાઈસન્સ મેળવવા બાબતે નોટિસ,રામ ઔર શ્યામ ગોલાવાલા (પેલેસ રોડ) - પડતર રહેલ માવાની રબડી ૦૫ કિ.ગ્રા. નો નાશ તથા લાઈસન્સ મેળવવા બાબતે નોટિસ, ગાત્રાળ આઈસગોલા (બોલબાલા માર્ગ) - પડતર રહેલ માવાની રબડી ૦૩ કિ.ગ્રા. નો નાશ તથા લાઈસન્સ મેળવવા બાબતે નોટિસ, રામ ઔર શ્યામ ગોલાવાલા (ભક્તિનગર સર્કલ, ભક્તિનગર રોડ)- પડતર રહેલ માવાની રબડી ૦૫ કિ.ગ્રા. નો નાશ તથા હાઈજેનિક કન્ડિશન જાળવવા અંગે નોટિસ,રામ ઔર શ્યામ ગોલાવાલા (વીરભગતસિંહ શોપિંગ સેન્ટર, કોઠારીયા રોડ)- પડતર રહેલ માવાની રબડી ૦૫ કિ.ગ્રા. નો નાશ તથા લાઈસન્સ મેળવવા બાબતે નોટિસ આપવામાં આવેલ.

# સ્ટેટ જીએસટીની સેંકડો કરદાતાઓને ૨૪ થી ૫૪ પાનાની 'લાંબી લચક' નોટીસ

**■ વેપાર-ઉદ્યોગકારોમાં જબરો દેકારોઃ કોઈ જાતનાં વેરીફીકેશન વિના સીધી કોમ્પ્યુટર જનરેટેડ નોટીસો જ ફટકારાતા કચવાટ**

**(સામના મિરર, સંવાદદાતા)**

રાજકોટ, તા.૨૩ઃ કરદાતાઓની પરેશાનીનો કોઈ અંત ન હોય તેમ જીએસટી વિભાગે 'મીસમેચ'ની સેંકડો નોટીસો ઈસ્યુ કરતાં વેપાર-ઉદ્યોગકારોમાં દેકારો બોલી ગયો છે. ચાર વર્ષ પૂર્વેનાં નાણાંકીય વ્યવહારો-હિસાબોની આ નોટીસો કોમ્પ્યુટર જનરેટેડ છે અને વેરીફીકેશન કર્યા વિના જ આડેધડ ઈસ્યુ કરી દેવામાં આવતા કરદાતાઓમાં આક્રોશ છે.

કરવેરા વિભાગનાં સૂત્રોએ કહ્યું કે સ્ટેટ જીએસટી વિભાગ દ્વારા ચાર દિવસ પૂર્વે સેંકડો પ્રિ-શોકોઝ નોટીસો ઈસ્યુ કરવામાં આવી છે અને તેમાં ખુલાસો કરવા માટે આઠથી દસ દિવસનો સમય આપવામાં આવ્યો છે. મહત્વની વાત એ છે કે આ શ્રેણીબદ્ધ ખુલાસાઓ માંગવામાં આવ્યા છે.

ઈવે બીલ ઉપરાંત જીએસટીઆર-૧ તથા જીએસટીઆર-૯ ના ડેટામાં વિસંગતતા જીએસટીઆર-૩બી જીએસટીઆરએનાં મીસમેચ ડેટા જેવા મુદાઓનો તેમાં ઉલેખ કરીને ખુલાસાઓ માંગવામાં આવ્યા છે.

રાજકોટનાં કરવેરા સલાહકારે કહ્યું કે, ચાર વર્ષ જુના વ્યવહારોની નોટીસો હવે કાઢવામાં આવી છે. એટલુ જ નહિં જવાબ માટે ૮-૧૦ દિવસ જ અપાયા છે.જુના રેકર્ડ ઉથલાવવા, ડેટા સંગ્રહીત કરવા, તેના પુરાવા એકત્રીત કરવા તથા તેના આધારે જવાબ આપવામાં સમયગાળો ઘણો ઓછો છે એટલુ જ નહિં નોટીસો પણ આડેધડ રીતે આપવામાં આવી છે.

ઈનપુટ ટેકસ ક્રેડીટ મેળવી જ ન હોય તેવા કરદાતાને પણ આઈટીસીની નોટીસો આપવામાં આવી છે. અર્થાત કોઈપણ જાતના ફીઝીકલ વેરીફીકેશન વિના જ કોમ્પ્યુટર જનરેટેડ નોટીસો મોકલાવી દેવામાં આવી છે.

નાના-મોટા સેંકડો વેપારી-ઉદ્યોગકારો કરદાતાઓમાં આ પ્રકારની આડેધડ નોટીસોથી ફફડાટ ફેલાયો છે.૫૪-૫૪ પાનાની નોટીસોથી અનેક કરદાતાઓ તો રીતસર હેબતાઈ જ ગયા છે અને પોતપોતાનાં કરવેરા સલાહકારો સમક્ષ દોડધામ શરૂ કરી દીધી છે.

સુત્રોના કહેવા પ્રમાણે થોડા વખત પૂર્વે પણ હજારો કરદાતાઓને જુદા જુદા મુદ્દે નોટીસ ફટકારવામાં આવી હતી તેનો નિકાલ આવે તે પૂર્વે જ નવી લાંબીલચક નોટીસોથી ફફડાટ ઉભો થયો છે.

# સિવિલ હોસ્પિટલમાં નવો પોસ્ટમોર્ટમ રૂમ બનાવવાનું પ્રપોઝલ તૈયાર

- **વોર્ડ નં.૭ - ૧૦ અને ૧૧ને રિમોડલિંગ કરવાની વિચારણા, નવી ઝનાના બનતા આ વોર્ડ ખાલી થયા છે**
- **ભવિષ્યમાં ખાલી થયેલી કે.ટી. ચિલ્ડ્રન હોસ્પિટલની જગ્યાએ નવનિર્મિત બિલ્ડીંગ બનશે**

**(સામના મિરર, સંવાદદાતા)**

રાજકોટ, તા.૨૨: રાજકોટ સિવિલ હોસ્પિટલમાં નવો પોસ્ટમોર્ટમ રૂમ બનાવવાનું પ્રપોઝલ તૈયાર કરાયું છે. સિવિલ હોસ્પિટલના સુપ્રિન્ટેન્ડન્ટ ડો. આર.એસ. ત્રિવેદીએ જણાવ્યું મુજબ પ્રપોઝલ તૈયાર કરી સંબંધિત વિભાગને મોકલી દેવાયું છે.



સૌરાષ્ટ્રની અગ્રગણ્ય ગણાતી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં પોસ્ટમોર્ટમ રૂમમાં બે મૃતદેહનું પીએમ થઈ શેક અને ત્રણ-ચાર મૃતદેહ સાચવી શકાય તેવો જ કોલ્ડરૂમ છે. આ કોલ્ડ રૂમમાં પણ ખામીઓ આવતી હોવાનું પ્રકાશમાં આવતું રહે છે. એક સાથે બે જ મૃતદેહનું પીએમ થઈ શકે તેવી વ્યવસ્થા હોવાથી ઘણી વાર એક સાથે વધુ મૃતદેહો આવી જતાં મૃતકના સગાઓને પીએમ માટે વધુ રાહ જોવાનો વારો આવે છે. અને જો મૃતદેહ કોલ્ડ રૂમમાં વધુ દિવસ રાખવાની ફરજ પડે તો મૃતદેહની સંખ્યા વધે તો ખાનગી કોલ્ડ સ્ટોરેઝમાં મૃતદેહ રાખવા પડે. જેથી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં નવો પીએમ રૂમનું નિર્માણ થશે. તેનાં માટે નવો પ્લાન પણ તંત્ર દ્વારા બનાવવામાં આવ્યો છે. પ્રપોઝલ મંજુર થયા પછી તેનું કામકાજ ટૂંક સમયમાં શરૂ થઈ શકે છે.સિવિલ હોસ્પિટલમાં અનેક દર્દીઓ સારવાર મેળવે છે. હાલ અકસ્માતથી મોત, આપઘાતના બનાવો વધ્યા છે ત્યારે નવા પીએમ રૂમની તાતી જરૂરિયાત ઊભી થઈ છે.

આ અંગે રાજકોટ સિવિલ હોસ્પિટલના તબીબી અધિક્ષક આર. એસ. ત્રિવેદીએ જણાવ્યું કે નવા પોસ્ટમોર્ટમ રૂમના નિર્માણ માટે પ્લાન બનાવી પ્રપોઝલ સરકારમાં મોકલી દેવામાં આવેલ છે. વધુ જણાવ્યું કે, ૧૧ માળની નવનિર્મિત ઝનાના હોસ્પિટલ બનતા બાળકો અને મહિલા દર્દીઓને ત્યાં દાખલ કરવામાં આવે છે.

જેથી હાલ જે વોર્ડ નં-૭, નં.૧૦ અને નં.૧૧ અને કે.ટી. ચિલ્ડ્રન હોસ્પિટલનો કઈ રીતે ઉપયોગ કરવો તેની વિચારણા થઈ રહી છે. જોકે, વોર્ડ નં-૭, નં.૧૦ અને નં.૧૧ને રીમોડેલિંગ કરવામાં આવશે. ભવિષ્યમાં કે.ટી. ચિલ્ડ્રન હોસ્પિટલના બિલ્ડીંગની જગ્યાએ પણ નવું બિલ્ડીંગ બનશે. પીએમ રૂમનું પ્રપોઝલ મંજુર થયા બાદ પીએમ રૂમ માટે બાંધકામ શરૂ થશે. હાલ જ્યાં પીએમ રૂમ છે ત્યાં જ નવો પીએમ રૂમ બનાવાશે. જેમાં કોલ્ડ સ્ટોરેજમાં જરૂરિયાત મુજબની જગ્યા હશે. ઉપરાંત એક સાથે બેથી વધુ મૃતદેહની પીએમ થાય તેવી વ્યવસ્થા પણ હશે.

# અમિત શાહ ૨૭મીએ જામકંડોરણામાં સભા ગજવશે : ૧લીમેના રોજ મોદી ગુજરાત આવશે

- **જામકંડોરણાની સભા માટે જયેશ રાદડીયાને જવાબદારી સોંપાઈ**



રાજકોટ, તા.૨૩: ગુજરાતમાં લોકસભાની ચૂંટણીનું ચિત્ર સ્પષ્ટ થઇ ગયું છે અને સુરત બેઠક ભાજપને બિનહરીફ મળ્યા બાદ બાકીની ૨૫ બેઠકો ઉપર ૭મી મેના રોજ મતદાન થાય તે પૂર્વે પ્રચાર માટે બાકી રહેલા ૧૨ દિવસમાં ભાજપ- કોંગ્રેસના નેતાઓ પ્રચાર માટે ગુજરાત આવવાના છે. ખાસ કરીને ભાજપ વતી વડાપ્રધાન મોદી અને ગૃહમંત્રી અમિત શાહ ગુજરાતમાં સભાઓ ગજાવશે.

ગૃહમંત્રી અમિત શાહ આગામી તા.૨૭મીના રોજ સાંજે ચાર વાગ્યે જામકંડોરણા ખાતે જાહેર સભા સંબોધવાના છે તો વડાપ્રધાન મોદી આગામી તા.૧મેના રોજ ગુજરાત સ્થાપના દિવસે રાજ્યમાં ચૂંટણી પ્રચાર માટે આવશે અને જાહેર સભા સંબોધશે. મળતી માહિતી મુજબ ગૃહમંત્રી અમિત શાહ તા.૨૭મીના રોજ જામકંડોરણા ખાતે કુમાર છાત્રાલયમાં ૫૦ હજાર લોકોની સભા સંબોધશે. આ માટે ધારાસભ્ય જયેશ રાદડીયાને જવાબદારી સોંપવામાં આવી છે. જયારે પીએમ મોદી ૧લી મેએ ગુજરાત સ્થાપના દિવસે દાહોદમાં ચૂંટણી રેલી સંબોધિત કરશે. લીમખેડામાં પીએમ મોદીની જનસભાનું આયોજન કરાયુ છે.


# શાપરના સિરપ કાંડમાં દસ મહિનાથી ફરાર રાજકોટનો સલીમ કાણીયા ઝબ્બે

શાપર, તા. ૨૩: શાપરના સિરપ કાંડમાં દસ મહિનાથી ફરાર રાજકોટનો સલીમ કાણીયા (રહે. બજરંગ વાડી, મોમીનનગર, શેરી નં.૧૦, રાજકોટ) પોલીસના હાથે પકડાઈ ગયો છે.

શાપર ગોડાઉનમાંથી ઝડપાયેલા નકલી સિરપની ફેકટરીના પ્રકરણમાં સંડોવાયેલ આરોપી સલીમ બચુ કાણીયા રાજકોટના બજરંગવાડી વિસ્તારના મોમીનનગરનો રહેવાસી હતો. જે છેલ્લા ૧૦ માસથી ફરાર હતો. જે શાપરના પારડી ગામ પાસે હોવાની બાતમી મળતા રુરલ એલસીબીના પોલીસમેન અબ્બાસભાઈ ભારમલ અને એએસઆઈ બ્રિજરાજસિંહ જાડેજાને મળતા પીઆઈ વી.વી.ઓડેદરા તથા પ ી અ ે સ અ ા ઈ એચ.સી.ગોહીલના માર્ગદર્શન હેઠળ બાલકૃષ્ણ ત્રિવેદી, અમિતસિંહ જાડેજા, દિગ્વિજયસિંહ રાઠોડ સહિતના સ્ટાફે સિરપ પ્રકરણમાં ફરાર સલીમ બચુ કાણિયાને ઝડપી લઈ શાપર પોલીસને હવાલે કર્યો હતો. સલીમ કાણિયા અગાઉ જામનગરમાં હત્યાના પ્રયાસના ગુનામાં પકડાઈ ચૂક્યો છે.

# માતાજીનાં માંડવામાંથી પરત ફરતી વેળાએ થયેલ અકસ્માતમાં મોવિયાના યુવકનું મોત

**ગોંડલના મોવિયાનો યુવક માતાજીના માંડવામા ગયો હતોઃ પરત ફરતી વેળાએ શિવરાજગઢ- મોવિયા રોડ પર અકસ્માત સર્જાયોઃ સારવાર કારગત નીવડે તે પહેલા યુવકે દમ તોડયો**





રાજકોટ, તા.૨૩ઃ ગોંડલના મોવિયા ગામમાં રહેતો યુવક માતાજીનાં માંડવામાં ગયો હતો. બાદ રાત્રિના પોતાનાં ઘરે પરત ફરતી વેળાએ શિવરાજગઢ- મોવિયા રોડ પર અકસ્માત સર્જાયો હતો. ઘવાયેલ યુવકની સારવાર કારગત નીવડે તે પહેલાં શ્વાસ થંભી ગયો હતો.

બનાવની વિગત મુજબ ગોંડલના મોવિયા ગામમાં શીતળા માતાના મંદિર પાસે રહેતો હેમંત સવજીભાઈ ચાંડપા (ઉ.વ.૩૧) નામનો યુવક ગત તા. ૨૧/૦૪/૨૦૨૪ ના રાત્રીના તેજ ગામમાં આવેલ ભાડેશ્વર મહાદેવના મંદીર પાસે માતાજીના માંડવામાં ગયેલ. બાદ રાત્રિના ૧૧ વાગ્યાની આસપાસ યુવક ઘરે પરત જતો હતો દરમિયાન શિવરાજગઢ ગામથી મોવિયા ગામ તરફ જવાના રસ્તે શીતળા ધાર પાસે બોલેરો ચાલકે યુવકને ઠોકરે ચડાવ્યો હતો. જે અકસ્માતની જાણ તેઓનાં પરિવારજનોને થતાં તુરંત દોડી ગયાં હતાં. યુવકને ઈજાગ્રસ્ત હાલતમાં ૧૦૮ મારફત ગોંડલ સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં સારવાર કારગત નીવડે તે પહેલા યુવકે દમ તોડી દીધો હતો. મૃતક મજુરી કરી પોતાનાં પરિવારનું ગુજરાન ચલાવતો હતો. તે બે ભાઈ અને ત્રણ બહેનમાં વચેટ હતો. તેને સંતાનમાં બે દિકરાઓ છે.

દિકરીઓએ પિતાની છત્રછાયા ગુમાવતા મૃતકના પરિવારમાં ગમગીની છવાઈ ગઈ છે. મૃતકના મોટાભાઈ નરોત્તમભાઈ ચાંડપા(ઉ.વ.30)ની ફરિયાદ પરથી જીજે ૧૪ એક્સ ૧૮૪૬ના ચાલક સામે ગુનો દાખલ કરી બનાવ અંગે ગોંડલ તાલુકા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# રાજકોટમાં ખાણી-પીણીની આઈટમોમાં બેફામ ભેળસેળ યથાવતઃ ૨૭ સેમ્પલો ફેઈલ

## ઈશ્વર ઘુઘરાવાળાની ચટણી, ભારત બેકરીનાં એલચી રસ અને અમૃત મુખવાસનાં સેમ્પલો નાપાસ

**અનેક જાણીતી ડેરી, બેકરી, ખાણી-પીણીનાં ધંધાર્થીઓને ત્યાંથી લેવામાં આવેલ શિખંડ, કેરીનો રસ, પનીર, ફરાળી લોટ, દૂધ, ઘીનાં સેમ્પલો પણ નાપાસઃ ૪ કેસોમાં રૂા.૨.૨૫ લાખનો દંડ કરાયોઃ હજુ ૨૩ કેસોમાં કાર્યવાહી ચાલુ**

(સામના મિરર, સંવાદદાતા)

રાજકોટ, તા.૨૩ઃ રાજકોટ મહાનગર પાલિકાની ફુડ શાખા દ્વારા તાજેતરમાં રાજકોટ શહેરના જુદા જુદા વિસ્તારમાં ખાણી-પીણીના ધંધાર્થીઓને ત્યાં ચેકિંગ દરમ્યાન શિખંડ, કેરીનો રસ, મીઠી ચટણી, સ્પે. એલચી રસ, ફરાળી લોટ, ચણા, મીક્સ દુધ, શુધ્ધ ઘી, મીઠો મુખવાસ, મનચુરીયન ફરાઈડ, સીંગતેલ, અને લુઝ ઘી સહિતના ૨૭ જેટલા નમુના લેવામાં આવેલ હતા. આ તમામ નમુના લેબ. પરીક્ષણ દરમ્યાન નાપાસ જાહેર થયો છે. જેનો અર્થ એ થાય છે કે રાજકોટ શહેરમાં હાલની તકે પણ ખાણી પીણીની આઈટમોમાં બેફામ ભેળસેળ થઈ રહી છે.

અત્રે ઉલેખનીય છે કે, રાજકોટ મહાનગરપાલિકાની ફુડ શાખાએ તાજેતરમાં એટલે કે ગત તા.૧/૪/૨૩થી ૩૧/૩/૨૪ સુધીમાં જુદા જુદા સ્થળોએ ચેકિંગ દરમ્યાન ખાણી પીણીની અનેક આઈટમોના સેમ્પલ લીધા હતા. જે પૈકી ૨૭ નમુના ફેઈલ જાહેર થયા છે. આ ૨૭ કેસોમાંથી ૪ કેસોમાં રૂા.૨.૨૫ લાખનો દંડ કરવામાં આવેલ છે. જયારે અન્ય ૨૩ કેસોમાં હજુ કાર્યવાહી ચાલુ છે.

આ અંગેની ફુડ શાખાના સુત્રોમાંથી મળતી વધુ વિગતો મુજબ મોરબી રોડ પર આવેલ સીતારામ સોસાયટી પાસેની જે.જે. સ્વીટ એન્ડ ડેરી ફાર્મમાંથી લેવાયેલ રાજભોગ શિખંડ (લુઝ)નું સેમ્પલ ફેઈલ થતા આ ડેરીને રૂા.૬૦ હજારનો દંડ ફટકારવામાં આવેલ છે. આ ઉપરાંત ગોંડલ રોડ અંબાજી કડવા પ્લોટમાં આવેલ કનકાઈ સીઝન સ્ટોરમાંથી લેવામાં આવેલ કેરીનો રસનો નમુનો નાપાસ જાહેર થતા રૂા.૭૫ હજારનો દંડ અને પીડીએમ કોલેજ પાછળ અંબાજી કડવાપ્લોટમાં આવેલ શ્રીરાજ આઈસ્ક્રીમ એન્ડ પાર્લરમાંથી લેવામાં આવેલ કેરીનો રસ (લુઝ)નું સેમ્પલ પણ નાપાસ જાહેર થતા રૂા.૭૫૦૦૦નો દંડ અને કોઠારીયા રોડ પરની વિવેકાનંદનગર શેરી નં.૭માં આવેલ શ્યામ ડેરીમાંથી લેવામાં આવેલ પનીર (લુઝ)નું સેમ્પલ પણ નાપાસ થતા રૂા.૧૫ હજારનો દંડ ફટકરવામાં આવેલ હતો.

આ ઉપરાંત અંબીકા ટાઉનશીપમાં આવેલ જનતા સ્વીટ અને સંસ્કૃતિ સ્કવેરમાંથી પનીર (લુઝ), રામનાથપરા મેઈન રોડ પર બોલેરો ગાડી નં. જીજે ૪ એડબલ્યુ ૩૮૭૭માંથી લેવામાં આવેલ પનીર (લુઝ) તથા સોરઠીયાવાડી ૬/૮ કોર્નર પર આવેલ અજેન્દ્ર ડેરીમાંથી પનીર (લુઝ) અને હાથીખાના શેરી નં.૧૩માં આવેલ ઈશ્વરભાઈ ઘુઘરાવાળાની મીઠી ચટણી (લુઝ)નું સેમ્પલ પણ ફેઈલ જતા હજુ કાર્યવાહી ચાલુ છે.

આજ રીતે ગાંધીગ્રામ વિસ્તારમાં આવેલ હીરવા હેલ્થકેરમાંથી મહાવીર ન્યુટ્રીશનલ ફુડ સપ્લીમેન્ટનું સેમ્પલ પણ ફેઈલ જતા કાર્યવાહી ચાલુ છે. તેમજ ભીલવાસમાં આવેલ ભારત બેકરીમાંથી લેવામાં આવેલ સ્પે. એલચી રસ (૨૫૦ ગ્રામ પેક)નો નમૂનો પણ નાપાસ જાહેર થતા હાલમાં કાર્યવાહી ચાલુ છે. જયારે રૈયા રોડ પર આવેલ રાધે કેટરર્સમાંથી ફરાળી લોટ (લુઝ), મનહરપ્લોટ ૧૦માં મંત્રમહેલમાંથી લેવામાં આવેલ ફરાળી લોટ, આર.એસ. ગૃહ ઉદ્યોગ ચુનારાવાડ શેરી નં.૧માંથી લેવામાં આવેલ દાઝ્યુ તેલ, દુધસાગર રોડ પર આવેલ આર.એસ. ગૃહ ઉદ્યોગમાંથી લેવામાં આવેલ.

સામના મિરર (દૈનિક) તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલિક : રાજેશ ઉદયકુમાર બગડાઈ
મુદ્રણ અને પ્રકાશન સ્થાન : સામના મિરર પ્રિન્ટર્સ, જય ભવાની, ચુનારાવાડ શેરી નં.૫, શાક માર્કેટ પાસે, રાજકોટ ૩૬૦૦૦૭

# આવતીકાલથી ફરી આકરી ગરમીનો રાઉન્ડ

■ **પવનની દિશા બદલાશેઃ ઉત્તર-પૂર્વનાં સુકા પવનોથી તાપમાન ક્રમશઃ ૪૦થી ૪૪ ડિગ્રી સુધી પહોંચી જશે**



રાજકોટ, તા.૨૩ઃ રાજકોટ સહિત સૌરાષ્ટ્ર-ગુજરાતમાં છેલ્લા કેટલાક દિવસોથી ભેજવાળા પવનોનાં કારણે કાળઝાળ ગરમીમાં રાહત રહી હતી. જો કે હવે આવતીકાલથી ફરી પવનની દિશા બદલાશે અને ઉત્તર પૂર્વના સુકા પવનો શરૂ થશે આથી આવતીકાલથી ફરી સર્વત્ર ગરમીમાં ક્રમશઃ વધારો થશે. હવામાન વિભાગનાં જણાવ્યા મુજબ આવતી તા.૩૦ સુધી ગરમી વધશે અને ક્રમશઃ ૪૦થી ૪૪ ડિગ્રી સુધી તાપમાનનો પારો પહોંચી જશે.

દરમ્યાન ગઈકાલે પણ રાજયમાં ગરમીમાં આંશિક રાહત રહેવા પામી હતી. ગઈકાલે રાજકોટમાં ૩૮.૬, સુરેન્દ્રનગરમાં ૩૮.૭, પોરબંદરમાં ૩૪ તથા અમદાવાદમાં ૩૯, અમરેલીમાં ૩૯, વડોદરામાં ૩૭.૮, ભાવનગરમાં ૩૮.૨, ભૂજમાં ૩૭.૬, છોટા ઉદેપુરમાં ૩૬.૯, ડિસામાં ૩૭.૮, દિવમાં ૩૫.૬ અને દ્વારકા ખાતે ૩૦.૬, ડિગ્રી મહતમ તાપમાન નોંધાવા પામ્યું હતું.

જયારે જામનગરમાં ૧.૨ ડિગ્રીના આંશિક ઘટાડા સાથે મહત્તમ તાપમાન ૩૩ ડિગ્રી નોંધાયું હતું. દિવસભર તીવ્ર ગતિએ પવન ફૂંકાવાનો સિલસિલો યથાવત રહ્યો હતો. લઘુત્તમ તાપમાન અઢી ડિગ્રી વધ્યું હતું.

જામનગરમાં છેલ્લા પાંચેક દિવસથી તેજીલા- પવન ફૂંકાવાનો દૌર ચાલી રહ્યો છે. જે મંગળવારે પણ યથાવત રહ્યો હતો. શહેરમાં પવનની ગતિ પ્રતિકલાકની ૧૨.૨ કિ.મી.ની રહેવા પામી હતી. શહેરમાં છેલ્લા ચોવીસ કલાક દરમીયાન નહીંવત ઘટાડા સાથે મહત્તમ તાપમાન ૩૩ ડિગ્રી પારો નોંધાયો હતો.

જ્યારે અઢી ડિગ્રીના વધારા સાથે લઘુતમ તાપમાન ૨૫ ડિગ્રી નોંધાયું હતું.જ્યારે વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૮૧ ટકા રહ્યું હતું.તો પવનની ગતિ પ્રતિકલાક ૧૨.૨ કિમિ નોંધાઇ હતી.

શહેરમાં તેજીલા વાયરાઓની સાથે-સાથે મિશ્ર વાતાવરણનો દોર પણ ચાલી રહ્યો છે. સવારે અને રાત્રે ઠંડક તો બપોરે ગરમી અનુભવાઈ રહી છે. ઠંડી અને ગરમીભરી મિશ્ર ઋતુની વિપરીત અસર લોકોના સ્વાસ્થ્ય પર પણ પડી. રહી છે. જેના કારણે તાવ સહિતના કેસમાં વધારો થયો છે.

વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૮૧ ટકા રહ્યું હતું. પવનને કારણે સવારે અને રાત્રિના લોકોએ ઠંડક અનુભવી હતી. બપોરે ગરમી અને સવારે ઠંડકને કારણે મિશ્ર ઋતુ જોવામળીરહીછે.

## અપહરણના ગુનાના આરોપીને શોધી કાઢતી શાપર વેરાવળ પોલીસ

શાપર, તા.૨૩ઃ શાપર વેરાવળમાંથી સગીરાને લલચાવી ફોસલાવી અપહરણ કરનાર આરોપીને ઉત્તરપ્રદેશના અલીગઢમાંથી સગીરા સાથે આરોપીને શાપર વેરાવળ પોલીસે પકડી પાડયો હતો.બનાવની વિગત મુજબ શાપરમાંથી ગત તા.૨૭/૦૩/૨૦૨૪ માં સગીરાનું અપહરણ કરી આરોપી નાસી ગયો હતો. બાદ શાપર વેરાવળ પોલીસે શોધખોળ શરૂ કરી હતી. શાપર વેરાવળના પીએસઆઇ આર.કે. ગોહિલ તથા જી. બી. જાડેજા દ્વારા અલગ અલગટીમો બનાવી ટેકનિકલ સોર્સ તથા હ્યુમન સોર્સ આધારે તપાસ હાથ ધરી હતી. જે અનુસંધાને બાતમી મળી હતી કે આરોપી ઉત્તરપ્રદેશના અલીગઢમાં રહેતો યુવક શાહરૂખખાન આઝાદખાન (ઉ.વ.૨૪, રહે. અલીગઢ, ઉત્તર પ્રદેશ) સગીરાને પોતાનાં વતન લઈ ગયેલ છે. જે સ્થળે તપાસ કરતા ઉત્તરપ્રદેશના અલીગઢમાંથી સગીરા સાથે આરોપીને દબોચી લીધો હતો. આ કામગીરીમાં એએસઆઈ હરદિપસિંહ જાડેજા, કોન્સ્ટેબલ લઘધિરસિંહ જાડેજા તથા નીમુબેનમેરરોકાયાહતા.

# શ્વાસને લગતા રોગોના નિદાન તથા ઉપચાર માટે રવિવારે કેમ્પનું આયોજન

■ **ફેફસાના રોગોના નિષ્ણાત ડો. જયકુમાર મહેતા અને રોટરી કલબ રાજકોટ મીડટાઉન દ્વારા યોજાશે**

રાજકોટ, તા ૨૩ : માત્ર અમદાવાદનું જ નહીં પરંતુ સમગ્ર ગુજરાતનું, ફેફસાને લગતી બીમારીઓના નિદાન તથા ઉપચાર માટેનું અત્યાધુનિક અને સર્વશ્રેષ્ઠ કેન્દ્ર એટલે એપીક મલ્ટીસ્પેશિયાલિટી હોસ્પિટલ, અમદાવાદ નો પલ્મોનોલોજી વિભાગ સિનિયર કન્સલ્ટન્ટ ઇન્ટરવેન્શનલ એન્ડ ટ્રાન્સપ્લાન્ટ પલ્મોનોલોજીસ્ટ, એલર્જી-અસ્થમા અને સ્લીપ ડીસોડર્સ સ્પેશિયાલિસ્ટ એવા પલ્મોનોલોજી વિભાગના વડા, ફેફસાના રોગોના નિષ્ણાત ડો. જયકુમાર મહેતા દ્વારા રોટરી કલબ રાજકોટ મીડટાઉન ના સૌજન્યથી આયોજિત ખાસ કેમ્પ માં શ્વાસ ને લગતા રોગોથી પીડાતા દર્દીઓના નિદાન તથા ઉપચાર કરવામાં આવશે. તા. ૨૮/૦૪/૨૦૨૪ ના રવિવારે સવારે ૯:૦૦ થી બપોરે ૧:૦૦ વાગ્યા સુધી રોટરી લલીતાલય હોસ્પિટલ ડાયાબિટીસ પ્રીવેન્સન મેનેજમેન્ટ સેન્ટર, ૬- ગીત ગુર્જરી સોસાયટી રોડ, એરપોર્ટ મેઇન રોડ, હોટલ પેટ્રીયા સ્યુટ્સની સામે નિદાન કેમ્પ યોજાશે.

૪૦,૦૦૦થી પણ વધારે હૃદયરોગની સર્જરીનો અનુભવ ધરાવતા ખ્યાતનામ સર્જન અને એપિક મલ્ટીસ્પેશિયાલિટી હોસ્પિટલ, અમદાવાદ ના સ્થાપક ડો. અનિલ જૈન, જેઓ ૩૦ થી વધુ વર્ષોથી લોકોના સ્વાસ્થ્યની સુખાકારી માટે કાર્યરત છે.

આ કેમ્પમાં ફેફસાના રોગોથી પીડાતા દર્દીઓ જેમને વારંવાર કફ/ ઉધરસ / ખાંસી થઈ જતા હોય,એલર્જી-અસ્થમા ની બીમારી હોય,બીડી-સિગરેટ ધુમ્રપાન સંબંધિત બીમારી હોય, ફેફસામાં જાળા બાજવાનીની બીમારી હોય ,ફેફસાના પડ-આવરણમાં હવા/પાણી ભરાવાની બીમારી હોય,મોટેથી બોલતા નસકોરા/ દિવસ દરમિયાન અતિશય ઊંઘ (જહચયા આક્ષચફ)ની બીમારી હોય,ટીબી-ન્યુમોનિયાની અસર હોય, ફેફસામાં કેન્સર ની બીમારી હોય, જેમને બ્રોન્કોસ્કોપી/ ઊઇઞજ/ થોરેકોસ્કોપી/ લંગ બાયોપ્સી વગેરે જેવી પ્રક્રિયાઓ કરાવવાની સલાહ આપવામાં આવેલી હોય તેઓને સારવાર આપવામાં આવશે.

# જેતપુર દેરડી પુલ પર ખાદ્યતેલનાં ડબ્બા ભરેલો ટેમ્પો પલટી ગયો

## ચાલકે સ્ટિયરિંગ પર કાબૂ ગુમાવતા અકસ્માત સર્જાયો, અકસ્માતના કારણે ટ્રાફિકજામ થયો હતો





જેતપુર નજીક ભાદર નદી ઉપર આવેલ દેરડી જવાના પુલ પર તેલનો ભરેલો ટેમ્પો પલટી ખાઇ જતાં ટેમ્પામાં ભરેલા તેલનાં ડબ્બા ઢોળાઈ જતાં નુકસાન થયું હતું, જ્યારે ચાલકનો ચમત્કારિક બચાવ થયો હતો. ઘટના સ્થળે ટ્રાફિક જામ સર્જાયો હતો. પોલીસ ઘટના સ્થળે દોડી આવી હતી.

ઘટનાની વિગતો મુજબ જેતપુરના ભાદર નદી ઉપર આવેલ દેરડી પુલ માર્ગ ઉપર પુલ પરથી પસાર થઈ રહેલા ખાદ્યતેલનાં ડબ્બા ભરેલ ટેમ્પા ચાલક પસાર થઈ રહ્યો હતો એ દરમિયાન સાડી ઉદ્યોગના સિલિકેટ વાળા પાણી ઢોળાયેલો હોય જેમના કારણે ચાલકે સ્ટેરીંગ પર કાબુ ગુમાવતા ટેમ્પો પલ્ટી ખાઈ જતાં તેલનાં ડબ્બા તુટી જતાં નુકશાન થયું હતું. ટેમ્પો ચાલક તેલનો જથ્થો ભરીને રાજકોટ થી વિસાવદર તરફ રિટેલમાં વેપારીને ત્યાં આવી રહ્યા હતા તે સમયે આજે બપોરે ત્રણ વાગ્યાના સુમારે તેલનાં ડબ્બા લઈને ટેમ્પો નંબર જીજે.૧૧.ટટ.૧૩૭૫ લઈને આવી રહ્યો હતો. એ સમયે ટેમ્પોનું સ્ટિયરિંગ પર કાબૂ ગુમાવતા પુલની સાઈડમાં અથડાતાં ધડાકા સાથે અથડાતાં પામોલીન તેલ તેમજ ખાદ્ય તેલના પતરાના ડબ્બા તથા પુઠાના બોક્ષ પ્લાસ્ટિકના તેલનાં ડબ્બામાંથી તેલ ઢોળાઈ જતાં નુકસાન થયું હતું. પુલ પર તેલનો ટેમ્પો પલટી ખાઈ જતાં ટ્રાફિક જામ થઈ ગયો હતો. પોલીસ ઘટના સ્થળે દોડી આવી હતી તેમજ ઘટના સ્થળે લોકો મોટી સંખ્યામાં એકઠા થયા હતા, જોકે આ અકસ્માતમાં ચાલકનું આબા બચાવ થયો હતો.

# પાળિયાદ પૂજ્ય શ્રી વિસામણબાપુ ની જગ્યા માં હનુમાન જન્મોત્સવની ભવ્ય ઉજવણી



આજરોજ તારીખ ૨૩/૦૪/૨૦૨૪ ને મંગળવાર ના રોજ પાળિયાદ પૂજ્ય શ્રી વિસામણબાપુ ની જગ્યા માં હનુમાન જન્મોત્સવ પર્વ ની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી આજના આ પવિત્ર દિવસે સવારે જગ્યા માં મારૂતિયજ્ઞ નું અને બપોરે ૩:૦૦ વાગ્યા થી ૧૦૮ અખંડ હનુમાન ચાલીસા પાઠ નું પણ આયોજન કરવામાં આવ્યું હતું આ યજ્ઞમાં અને પાઠ માં જગ્યા ના મહંત શ્રી શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર શ્રી નિર્મળાબા,પૂજ્ય શ્રી ભયલુબાપુ,પૂજ્ય શ્રી ગાયત્રીબા,પૂજ્ય શ્રી દિયાબા અને બાળ ઠાકર શ્રી પૃથ્વીરાજબાપુ સહિત ખુબ મોટી સંખ્યા માં ઠાકર ના સેવકો વિહળ પરિવાર અને ગામ ના સૌ નગરજનો ખુબ મોટી સંખ્યા માં ઉપસ્થિત રહ્યા હતા આ પર્વ નિમિત્તે જગ્યાની અત્યાધુનિક ગૌશાળા શ્રી બણકલ ગૌશાળામાં ગાયો ને ૨૫ મણ લાપશી ખવડાવવામાં આવી હતી અને જગ્યા માં સૌ કોઈએ હનુમાન જન્મોત્સવ ઉત્સવને ઉજવી પ્રસાદ લઈ ધન્યતા અનુભવી હતી.

### પાળિયાદ પૂજ્ય શ્રી વીસામણબાપુ ની જગ્યા માં વડોદરા લોકસભા ના ભાજપ ના ઉમેદવાર શ્રી ડો. હેમાંગભાઈ જોષી સાહેબ ઠાકરશ્રી વીહળાનાથ ના દર્શને



પાળિયાદ પૂજ્ય શ્રી વીસામણબાપુ ની જગ્યા માં ઠાકરશ્રી વીહળાનાથ ના દર્શને વડોદરા લોકસભા ના ભાજપ ના ઉમેદવાર શ્રી ડો. હેમાંગભાઈ જોષી સાહેબ આવેલ અને જગ્યા ના મહંત પરમ પૂજ્ય શ્રી શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર શ્રી નિર્મળાબા ના આશીર્વાદ લીધા અને પૂજ્ય ભયલુબાપુ ની શુભેચ્છા મુલાકાત કરી પૂજ્ય ભયલુબાપુ દ્વારા સાહેબ સન્માન કરવામાં આવ્યું સાહેબે જગ્યા માં દર્શન કરી પ્રસાદ લઈ જગ્યા ની અત્યાધુનિક બણકલ ગૌશાળા ની મુલાકાત લઈ જગ્યા માં સ્વચ્છતા અને ચોખ્ખાઈ જોઈ ખુબ રાજીપા સાથે આનંદ વ્યક્ત કર્યો

# નિકાવામાં એનેમિયા મુક્ત ભારત અંતર્ગત કાર્યક્રમ યોજાયો



રિપોર્ટર-તુષાર વાદી

કાલાવડ તાલુકાના નિકાવા ગામે એનેમિયા મુક્ત ભારત અંતર્ગત કાર્યક્રમ ગોઠવવામાં આવ્યો હતો જેમાં તરુણીયોની હિમોગ્લોબિનની તપાસ કરવામાં આવી હતી અને જે રાષ્ટ્રીય કાર્યક્રમ અંતર્ગત નિકાવા ગામની શાળાએ જતી અને શાળાએ ન પણ જતી તમામ તરુણીઓનું હિમોગ્લોબિનની તપાસ કરવામાં આવેલ છે.

શ્રી નિકાવા કન્યાશાળાની બહેનોની હિમોગ્લોબિનની તપાસ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર નિકાવા ખાતે કરવામાં આવી હતી અને જેમને હિમોગ્લોબિનની ટકાવારી ઓછી હોય તે તમામ બહેનોને જરૂરી સારવાર અને યોગ્ય આરોગ્યલક્ષી માર્ગદર્શન નિકાવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના ડોક્ટર રીધી બેન કે.નંદાસણા દ્વારા કરવામાં આવેલ.

આ કાર્યક્રમમાં કન્યા શાળાના આચાર્યશ્રી,શાળાનો સ્ટાફ તેમજ કન્યાશાળાની બહેનો ઉપસ્થિત રહી. એનેમિયા સામે લડવા અને હિમોગ્લોબિન કેવા ખોરાકથી મળે છે તે ની જાણકારી લીધી હતી.

હિમોગ્લોબિનની શરીરમાં શું જરૂરિયાત છે અને શું મહત્વ છે તે જણાવવામાં આવ્યું હતું. તેમજ તમામ બહેનોને શપથ લેવડાવવામાં આવ્યા હતા કે જેમાં આ તમામ બહેનોપૂરતા પ્રમાણમાં ખોરાક લેશે

## ઋષિવંશી સમાજ સેવા સંઘ -ગુજરાત પ્રેરિત

# ઋષિવંશી સમાજ જામનગર દ્વારા વ્હાલીના વધામણાં "કન્યાદાન" પ્રથમ સમૂહ લગ્નોત્સવ યોજાયો







જામનગર તા.૨૪

ઋષિવંશી સમાજ સેવા સંઘ ગુજરાત પ્રદેશ પ્રેરિત ઋષિવંશી સમાજ સેવા સંઘ-જામનગર દ્વારા પ્રથમ સમૂહ લગ્નોત્સવ વ્હાલીના વધામણાં કન્યાદાનનુ તા.૨૦/૦૪/૨૦૨૪ ને શનિવારે જામનગર ખાતે જાજરમાન રીતે આયોજન યોજવામાં આવ્યું હતુ.ઋષિવંશી સમાજ સેવા સંઘ-ગુજરાત પ્રેરિત જામનગર ઋષિવંશી સમાજ દ્વારા નવ દીકરીઓના પ્રથમ સમૂહ લગ્નોત્સવ કરવામાં આવ્યા હતા. જેમાં વ્હાલીના વધામણા "કન્યાદાન" પ્રથમ સમૂહ લગ્નોત્સવમાં નવ દીકરીઓએ પ્રભુતામાં પગલાં માંડ્યા હતા.ઋષિવંશી સમાજ સેવા સંઘના સ્થા.પ્રમુખ એવા શ્રી હેમરાજભાઈ રામજીભાઈ પાડલીયા પણ પોતે ભાવવિભોર બની ગયા હતા કે જ્યારે નાનકડી દીકરીઓએ એમનું સ્વાગત કરી ઓવારળા લીધા હતા અને તિલક પણ એક રાજાને શોભે તેવું "રાજ તિલક" કર્યું હતું .સમૂહ લગ્નમાં જોડાનાર નવ દીકરીઓને મુખ્ય ઋષિવંશી સમુહલગ્ન સમિતિના નિર્ણયથી જામનગર જિલ્લામાં સૌપ્રથમ વખત ઈલેક્ટ્રોનિક્સ ઉપકરણો સહીત દાગીના,ફર્નિચર,વાસણ,કપડા,કટલેરી સહિતની વધુમા વધુ અને સારામા સારી જીવન જરૂરિયાત તમામ ચીજ વસ્તુઓ આપવામાં આવી હતી.જામનગર ગ્રીનફીલ્ડ પાર્ટી પ્લોટ ગુલાબ નગર રોડ ખાતે સમૂહ લગ્નોત્સવ ધામધુમથી યોજવામાં આવ્યો હતો.જેમાં ઋષિવંશી સમાજ સેવા સંઘ ગુજરાતના સ્થા.પ્રમુખ શ્રીહેમરાજભાઈ પાડલીયા તથા સંતો મહંતો રાજકીય અને સામાજિક શ્રેષ્ઠીશ્રીઓએ દીકરીઓને આશીર્વાદ પાઠવ્યા હતા.સમૂહ લગ્નોત્સવની સુંદર રીતે વ્યવસ્થા કરવામાં આવી હતી.જે વ્યવસ્થા રૂપે ઋષિવંશી સમાજ સેવા સંઘ-જામનગરના આ પ્રથમ સમૂહ લગ્ન સમિતિના પ્રમુખશ્રી ખોડીદાસભાઈ શિશાંગીયા,મહામંત્રી શ્રીયોગેશભાઈ બજાણીયા,ખજાનચી શ્રીજમનભાઈ મારુ,ઉપપ્રમુખ શ્રીભરતભાઈ ઝાલા,ઉપપ્રમુખ શ્રીબટુકભાઈ અધેડા,ઉપપ્રમુખ શ્રીકિશોરભાઈ સુરાણી,શ્રી ગુલાબભાઈ વાજા,શ્રીસુરેશભાઈ શિશાંગીયા,જામનગર ઋષિવંશી સમાજ સેવા સંઘ-જામનગર જીલ્લા અધ્યક્ષ શ્રીકમલેશભાઈ શિશાંગીયા તેમજ જીલ્લા પ્રમુખશ્રી નવનીતભાઈ ઝાલા તેમજ ઋષિવંશી સમાજ સેવા સંઘના તમામ કાર્યકર્તાઓ આનંદભાઈ ધોળકિયા, નરેન્દ્ર ભાઈ અધેડા, દિનેશભાઈ ટાટમિયા, કેતનભાઇ પાડલીયા, વિજયભાઈ ગોંડલીયા, શિવમભાઈ ભટ્ટી, ચેતનભાઇ પરમાર (જીઈબી),શૈલેષભાઈ ભટ્ટી,નિલેશભાઈ દસાડીયા, હસુભાઈ ધામેલીયા,રાજેશભાઈ વાજા,નિલેશભાઈ ઝાલા,નિલેશભાઈ ગોહિલ,રજનીશભાઈ પરમાર,કિરીટભાઈ બગથરીયા,વિપુલભાઈ સોલંકી,નંદલાલભાઈ ગાલોરીયા,વિજયભાઈ ભાયાણી, ચેતનભાઇ અધેડા,ચેતનભાઇ પરમાર (એરો), વિમલભાઈ સુરાણી,રવિભાઈ સુરાણી,લલીતભાઈ સુરાણી,હરીશભાઈ સુરાણી,મુકેશભાઈ બગથરીયા,સુરેશભાઈ પનારા,રોનકભાઈ સુરાણી,જયેશભાઈ શિશાંગીયા,શનીભાઈ સુરાણી,રાજુભાઈ સુરાણી, પ્રકાશભાઈ સોલંકી, મુકેશભાઈ બગથરીયા,નિલેશભાઈ કલોલા,જીતેન્દ્રભાઈ સોલંકી,નરેન્દ્ર ભાઈ ગોંડલીયા,અલ્પેશભાઈ સોલંકી,સુનિલભાઈ પાડલીયા(રાજકોટ),અલ્પેશભાઈ ચુડાસમા,ભાવેશભાઈ સોલંકી,હરેશભાઈ સોલંકી,રવિભાઈ પાડલીયા,મહેન્દ્રભાઈ ગોંડલીયા,મયુરભાઈ રાવરાણી,સાગરભાઈ,રાજુભાઈ સુરાણી(બેડેશ્વર) તેમજ કેવલ પાડલીયાતથા આ સમૂહ લગ્નમાં શક્તિ સ્વરૂપ બહેનો પણ જોડાયા અને પ્રસંગને ચાર ચાંદ લગાવી દીધા હતા જેમાં ઋષિવંશી મહિલા પ્રમુખશ્રી મીનાક્ષીબેન પનારા તેમજ તેમની સાથે મહિલા સમિતિના તમામ કાર્યકરો, વ્યવસ્થાપક કાર્યકર્તા સહિતનાઓની જહેમતથીઆ આયોજનને સુંદર બનાવવામાં આવ્યું હતું.આ સમારોહના આયોજનમાં તમામ સમિતિઓ પૂરી નિષ્ઠાથી સેવાનું કાર્ય પુરી જવાબદારી સાથે પૂર્ણ કરી આ સમારોહને ચાર ચાંદ લગાવી દીધા હતા.જે શક્તિ સ્વરૂપા બહેનોએ સમૂહ લગ્નમાં પુરવાર કરી બતાવ્યું કે "મારા વીર તમે આગળ વધો અમેં આપની સાથે છીએ"

આ સમારોહ ના મુખ્ય દાતાશ્રીઓ,કન્યા દાનના દાતાશ્રીઓ,સહયોગી દાતાશ્રીઓ સહિત તમામ જિલ્લા તાલુકાના આમંત્રિત મહેમાનોએ હાજરી આપી પ્રસંગને દીપાવ્યો હતો.સ્થા. પ્રમુખશ્રી હેમરાજભાઈ પાડલીયા સહીત તમામ દાતાશ્રીઓને શીલ્ડ, સાલ, અને પુષ્પગુચ્છ આપી સન્માન કરવામાં આવ્યું હતુ.આદરણીય શ્રી હેમરાજભાઈ પાડલીયાનું જામનગર સમૂહ લગ્ન સમિતિના મુખ્ય આગેવાનોએ ભવ્યાતિભવ્ય જાજરમાન સ્વાગત સન્માન કરવામાં આવ્યું હતુ.આપણા સોના હૃદય સમ્રાટ સન્માનનીય શ્રીહેમરાજભાઈ પાડલીયાના "સેવા પરમો ધર્મ"ના સુત્રને ઋષિવંશી સમાજ સેવા સંઘ જામનગરએ સાર્થક કરી બતાવ્યું.તમામ દાતાશ્રીઓનો સમાજની શ્રેષ્ઠીશ્રી નો આમંત્રિત મહેમાનો નો આ સમારોહમાં ઉપસ્થિત રહેનાર તમામનો જામનગર ઋષિવંશી સમૂહ લગ્ન સમિતિએ આભાર વ્યક્ત કર્યો હતો.


નો ફેવર, નો ફિઅર...

# સામના મિરર

Daily Morning Newspaper



## ડિજિટલ ભારતની સાથે
## તમે પણ બનો ડિજિટલ...



**તમારા ધંધા-વેપારની જાહેરાત 'સામના મિરર'માં આપી આપના વ્યવસાયને પહોંચાડો લાખો વાંચકો સુધી...**





મોબાઇલમાં નિયમિત સમાચારો મેળવવા

**વોટ્સએપ પર**



**Hi લખીને મોકલો**

**98983 17826**

**અને જોડાઇ જાવ અમારી સાથે...**

AM TRADING

*લાઈફ ટાઈમ ડિમેટ એકાઉન્ટ ફ્રી

ફ્રી એડવાઈઝરી

EQUITY STOCK | IPO/SME IPO

OPTION TRADING | NIFTY BANK NIFTY

COMODITY | CURRANCY

દરરોજ ફ્રી માહિતી મેળવવા માટે આપેલ
QR CODE SCAN કરીને જોઈન કરો.

Mayuri Medam : 63555 17630

AM trading   am_trading71

- 200 sq ft with attached toilet and wash basin 2 nd floor Shop no 24 Road side view
- Atlantis hills Near Ramdevpir chowkdi
- Rent 10000 Advance 2 deposit lift and general toilet available
- 11 months agreement compulsory

Contact- 9725078721

મધુવન કોચિંગ ક્લાસીસ સંભાળી શકે તેવા સ્ટાફની જરૂરીયાત છે.

રૂબરૂ મળવાનો સમય સોમવારથી મંગળવાર સવારે ૧૦ થી ૧૨ અને સાંજે ૪ થી ૬


ધોરણ ૧૦-૧૨ બાદ યુપીએસસી અને જીપીએસસીના કોચિંગ ક્લાસ સંભાળી શકે તેવાં ઉત્સવાહસ કોચની જરૂર છે. આકર્ષિક પગાર

Mo.80000 11119

ADDRESS: B,210 AALP, LIMDA CHOK RAJKOT

નાગેશ્વરમાં કસમાં પ્લોટ વેચવાનો છે પાણીના સંપની પાછળ 490 વાર 25000 ભાવ

Mo.9898317826


VS
GRAPHICS
આપના
ન્યુઝ પેપરને
આપીશુ એક
નવી ઉંચાઈ
મહેનત અમારી,
સફળતા તમારી
સચોટ માર્ગદર્શક
અદ્દ્ભુત લે-આઉટ
અવનવી તસવીરો સાથે
M : 94097 57062